પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૪૭, કુલ પાના:૪, તારીખ: ૧૫-૧૦-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 47 PRICE :-RS. 1.50 DATE : 15-10-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678 PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### નવરાત્રી મુદ્દે રાજ્ય સરકારનો યુ ટર્ન

## નવરાત્રીમાં પેકેટમાં પ્રસાદ આપવાની છૂટ, મંદિર બંધનો ટ્રસ્ટ દ્વારા લેવાયો નિર્ણય



ગાંધીનગર,

પાંચ દિવસ પહેલા રાજ્ય સરકારે રાજ્યમાં કોઈપણ ગરબાનું જાહેરમાં આયોજન કરવા પ્રતિબંધ મુક્યો હતો. જેની ગાઈડલાઈન્સમાં નવરાત્રી દરમિયાન પ્રસાદ વિતરણ ન કરવાની માટેના નિર્દેશો આપવામાં આવ્યા હતા. જો કે પ્રસાદ પરના પ્રતિબંધ સામે ભાવિક ભક્તોમાં અસંતોષની લાગણી જોવા મળી હતી. જેને પગલે આજે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં પ્રસાદને છૂટ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું કે, નવરાત્રીમાં પ્રસાદ માટેની એસઓપીમાં ફેરફાર કરી પેકેટમાં પ્રસાદની છૂટ આપવામાં આવી છે. ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યું કે, ૭ જૂન ૨૦૨૦થી રાજ્ય સરકારે નક્કી કર્યું કે, રાજ્યના તમામ મંદિરો દર્શન માટે ખોલવામાં આવે. રાજ્ય સરકારે કોઈપણ મંદિર દર્શન માટે બંધ કર્યા નથી. નવરાત્રીના સમયે કેટલીક જગ્યા લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોવાથી તેમજ કેટલાક મંદિર પર્વતની ટોચ પર આવેલા હોવાથી જો લાખો દર્શનાર્થીઓ દર્શને જાય તો સંક્રમણ ફેલાય શકે છે. આરતી અને હવનો થશે.

જે તે ટ્રસ્ટોએ પોતાની સગવડ અને પરિસ્થિતિ અનુસાર નિર્ણયો લીધા છે. આ નિર્ણય સ્થળ પરિસ્થિતિ અને કોરોના સંક્રમણ વધે નહીં તે માટે નિર્ણયો કર્યા છે. સરકારના આ નિર્ણયને કારણે મીઠાઈના વેપારીઓને હવે નુકસાન વેઠવું નહીં પડે. સરકારે પેકેટ બનાવીને પ્રસાદ વેચવાની મંજૂરી આપી હોવાથી તેનો બગાડ પણ નહીં થાય અને કોરોનાની ગાઈડલાઈન્સનો અમલ પણ થઈ શકશે. વેપારીઓ પાસે એક પેંડો પણ પેક કરવાની વ્યવસ્થા છે. ગુજરાતમાં કોરોનાને પગલે મીઠાઈ અને ફરસાણ ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે. મીઠાઈના વેપારીઓનાં અંદાજ પ્રમાણે છેલ્લા છ મહિનામાં ધંધો માત્ર ૨૦ ટકા જેટલો જ રહી જતાં આશરે ૭૦૦ કરોડનું નુકસાન થયું છે. સરકારે પડતા પર પાટું મારી નવરાત્રીમાં પ્રસાદ પર પ્રતિબંધ મૂક્યો હતો.

પરંતુ હવે આ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો હોવાથી ૭૦૦ કરોડનું નુકસાન થતું અટકી જશે.

પેકેટ તૈયાર કરી ટેબલ પર મૂકી શકાય.

એક વ્યક્તિ જેટલો પ્રસાદ વિવિધ પેકેટમાં પેક કરીને એક ટેબલ પર મૂકી દેવાય, જેથી એને વહેંચવાની જરૂર જ ન રહે. દરેક વ્યક્તિ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી જાતે જ લઈ લે.

પ્રસાદને પેક કરતાં પહેલાં હાથને સેનિટાઈઝ કરી દેવા, જેથી તે સેફ થઈ જાય.

જો પ્રસાદનું વિતરણ કરવું હોય તો ગ્લોવ્ઝ પહેરીને એનું વિતરણ થઈ શકે અથવા તો જે વ્યક્તિ વહેંચે તે હાથને સેનિટાઈઝ કરીને અને માસ્ક પહેરીને કરી શકે.

સીંગ-સાકરિયા, રેવડી, ટોપરાની છીણ, પિપરમિન્ટ કે એવો છૂટો પ્રસાદ નાની થેલીઓમાં કે પેપરમાં પેક થઈ શકે, જેથી લોકો જાતે લઈ શકે.

મીઠાઈના વેપારીઓ પણ એક વ્યક્તિ મીઠાઈ લઈ શકે તેવા પેકેટમાં એ પેક કરી શકે.

**નવરાત્રિમાં પાવાગઢ મંદિર બંધ રાખવા કરાયો હતો નિર્ણય**

કોરોનાને કારણે ભક્તોની ભક્તિને મોટી અસર પડી રહી છે. આવામાં કોરોનાનું સંક્રમણ ન વધે તે માટે અનેક નિર્ણયો લેવામાં આવે છે. આવામાં નવરાત્રિના ઈતિહાસમાં પ્રથમ વખત બંધ પાવાગઢ મંદિર બંધ રહેવાનું છે તેવી જાહેરાત કરાઈ અગાઉ કરવામાં આવી હતી. પાવાગઢ મંદિર ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્રની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં આ માહિતી આપવામાં આવી હતી. તેમાં જણાવ્યા પ્રમાણે આ નવરાત્રિએ યાત્રાધામ પાવાગઢ મંદિર દર્શનાર્થીઓ માટે બંધ રહેશે. ૧૬ તારીખથી મંદિરના દરવાજા દર્શન માટે બંધ કરાશે.

દર્શનાર્થીઓ માત્ર માતાના વર્ચ્યુઅલ દર્શન કરી શકશે. મંદિરની વેબસાઈટથી ભક્તો મા પાવાગઢવાળીના દર્શન કરી શકાશે. તો બીજી તરફ, નવરાત્રિને લઈ આવતા દર્શનાર્થીઓને વિવિધ જગ્યાઓ પર એલઈડીથી વર્ચ્યુઅલ દર્શન કરી શકાશે તેવી વ્યવસ્થા કરવામા આવશે. નવરાત્રિના પર્વમા પાવાગઢ માકાળીનુ અનેરુ મહત્વ હોય છે. મોટી સંખ્યામાં લોકો અહી મંદિરમાં દર્શન કરવા આવતા હોય છે. ત્યારે આવામાં કોરોના ન વકરે તે હેતુથી તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. તો બીજી તરફ, પાવાગઢની આસપાસનો વિસ્તારનો પ્રવાસન સ્થળ તરીકે વિકસ્યો હોવાથી અહી મોટી સંખ્યામાં પ્રવાસીઓની પણ સતત અવરજવર રહે છે.

## કોરોના વચ્ચે આજથી રાજ્યમાં ખુલશે સિનેમાગૃહો, થિયેટરો, મલ્ટિપ્લેક્સ, ડ્રાઈવ-ઈન

ગાંધીનગર,

ગુજરાત સરકારે રાજ્યમાં આવેલા સિનેમાગૃહો, થિયેટરો, મલ્ટિપ્લેક્સીસ, ડ્રાઈવ-ઈન સિનેમા વગેરેને કેન્દ્ર સરકારના નિયમો પ્રમાણે રાજ્ય સરકારે છૂટછાટ આપ્યા બાદ ૧૫મી ઓક્ટોબરથી ૫૦ ટકા સીટિંગ કેપેસિટીના વપરાશથી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ સંદર્ભે રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગે મંગળવારે પરિપત્ર જાહેર કર્યો છે. આ દિશામાં હવે આવતીકાલથી રાજ્યભરમાં સિનેમાઘરો ખૂલવા જઈ રહ્યા છે. પરંતુ દરેક થયેટરોમાં કોવિડ ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરવું પડશે. ૫૦% કેપેસિટી સાથે આવતીકાલથી રાજ્યમાં સિનેમાઘરો શરૂ થશે. ઓનલાઈન ટિકીટ બુકિંગ કરી શકાશે. દરેક શૉ બાદ સેનિટાઈઝેશન કરવું પડશે.

વડોદરા સહિત દેશભરમાં ૧૫ ઓક્ટોબરથી મલ્ટીપ્લેક્ષ શરૂ થવા જઈ રહ્યા છે. તેના માટે સરકારની ગાઈડલાઈન મુજબ મલ્ટીપ્લેક્ષો શરૂ કરવા માટે થિયેટરોના માલિકો સજજ થઈ ગયા છે. કોરોના મહામારી ચાલતી હોવાથી સોશિયલ ડિસ્ટન્સ સાથે ૫૦ ટકા સીટ પર જ લોકોને બેસાડી શકાશે. પેપરલેસ વ્યુઅચલ ટીકીટો આપવી પડશે. દરેક શો બાદ એડીટોરીયમને સેનેટાઈઝીગ કરવું પડશે. સિનેમાઘર બંધ હોવાથી ઈન્ડસ્ટ્રીને દર મહીને ૧૫૦૦ કરોડનું નુકશાન થતું હતું. આમાં કન્ટેનમેન્ટ ઝોનમાં આવેલા થિયેટરો શરૂ નહીં કરી શકાય. કેન્દ્રીય માર્ગદર્શિકા- (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર) આ પ્રમાણે રહેશે.

(૧) થિયેટરો બહાર લાઈનમાં કોમન એરિયામાં તથા વેઈટિંગ એરિયામાં ૬ ફૂટનું અંતર રાખવું પડશે.
(૨) મોઢા ઉપર માસ્ક ફરજિયાત.
(૩) એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ ખાતે તથા કોમન એરિયામાં ટચ-ફ્રી- હેન્ડ સેનિટાઈઝર ગોઠવવા પડશે.
(૪) થૂંકવા ઉપર સખત પ્રતિબંધ.
(૫) એન્ટ્રી પોઈન્ટ ઉપર થર્મલ સ્ક્રીનિંગ ફરજિયાત અને અસિમ્ટોમેટિકને જ પ્રવેશ.
(૬) ઈન્ટરવલમાં આવવા-જવા માટે લાઈન બનાવવી.
(૭) થિયેટરો/મલ્ટિપ્લેક્સીસ/સિનેમાગૃહોમાં બેઠક ક્ષમતાના ૫૦ ટકા પ્રેક્ષકો બેસાડવા.
(૮) ઓડિટોરિયમમાં પૂરતું સ્પેશિયલ ફિઝિકલ ડિસ્ટન્સ રહે તે રીતે પ્રેક્ષકો બેસાડવા.
(૯) એન્ટ્રી અને એક્ઝિટ વખતે ભીડભાડ ના થાય તે રીતે પ્રેક્ષકોની લાઈન બનાવડાવવી.
(૧૦) ઓડિટોરિયમમાં જે સીટ ઉપર પ્રેક્ષક બેસાડવાનો નથી તે સીટ ઉપર યોગ્ય માર્કિંગ દર્શાવવું.
(૧૧) પાર્કિંગ લોટમાં ક્રાઉડ મેનેજમેન્ટ કરવું.
(૧૨) લિફ્ટમાં ફિઝિકલ ડિસ્ટન્સ જળવાય તે માટે માણસોની સંખ્યા નિયંત્રિત કરવી.
(૧૩) એક શો પૂરો થાય અને બીજો શો શરૂ થાય તે વચ્ચે યોગ્ય સમય રાખવો જેથી ભીડ ના થાય.
(૧૪) મલ્ટિપ્લેક્સીસમાં થિયેટરોના શો શરૂ થવાનો, પૂરો થવાનો અને ઈન્ટરવલનો સમય એક સાથે ના થાય તેનું ખાસ ધ્યાન રાખવું.
(૧૫) ટિકિટનું બુકિંગ ઓનલાઈન થાય તથા નાસ્તા-પાણીના પેમેન્ટ પણ કેશલેસ મોડથી થાય તે હિતાવહ છે.
(૧૬) કોન્ટેક્ટ ટ્રેસિંગ માટે ટિકિટના બુકિંગ વખતે પ્રેક્ષકનો ફોન નંબર લેવો.
(૧૭) બોક્સ ઓફિસ ઉપર ટિકિટનું વેચાણ આખો દિવસ રાખવું તથા એડવાન્સ બુકિંગ પણ રાખવું જેથી ભીડભાડ ટાળી શકાય.
(૧૮) બોક્સઓફિસ સામે યોગ્ય લાઈન જળવાય તે માટે માર્કિંગ કરવું.
(૧૯) થિયેટરોમાં, હેન્ડલ રેલિંગ ઉપર વારેઘડીએ સેનિટાઈઝ કરવું.
(૨૦) બોક્સઓફિસ તથા ખાણીપીણી જગ્યાઓ પણ વારેઘડીએ ચોખ્ખી કરવી.
(૨૧) સેનિટાઈઝ કરનારા સ્ટાફને માસ્ક, હાથના મોજાં, બૂટ, પીપીઈ કિટ વગેરે આપવા.
(૨૨) જો કોઈ વ્યક્તિ કોરોના પોઝિટિવ મળે તો પ્રિમાઈસીસ જંતુરહિત કરવી.
(૨૩) થિયેટરોમાં એસીનું કૂલિંગ ૨૪થી ૩૦ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રાખવું.
(૨૪) પિક્ચર-નાટક ચાલતું હોય તે દરમિયાન ખાણીપીણીની ડિલિવરી પ્રેક્ષકની સીટ ઉપર ના કરવી.

## કેન્દ્ર-ખેડૂત યુનિયન વચ્ચેની ચર્ચા નિષ્ફળ, ચર્ચા નહિ માત્ર બિલ સમજાવાયું: પ્રતિનિધિઓ

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલ ત્રણ કૃષિ કાયદાઓને લઈને હજુ પણ વિવાદ શાંત થયો નથી. પંજાબ, હરિયાણા સહીત ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં સતત વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. આ વચ્ચે બુધારે કેન્દ્ર સરકાર તરફથી કિસાન સંગઠનો સાથે વાત કરવા માટે પહેલ કરવામાં આવી. પંજાબના કુલ સાત ખેડૂત સંગઠનો દિલ્હી ખાતે કૃષિ મંત્રાલય પહોંચ્યા હતા જ્યાં અધિકારીઓ સાથે તેઓએ કાયદા પર મંથન કર્યું હતું. પરંતુ, કેન્દ્ર અને ખેડૂત યુનિયન વચ્ચેની આ વાતચીત પરિણામ વગરની રહી હતી.

મંત્રાલયમાં વાત કર્યા બાદ ખેડૂત સંગઠનના પ્રતિનિધિ બહાર આવ્યા અને તેમને ચર્ચા અંગે મીડિયા સાથે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે તેઓને માત્ર અને માત્ર બિલ અંગે સમજાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ, એ જણાવવામાં ન આવ્યું કે વિવાદિત વિષયોને કાયદામાંથી હટાવવામાં આવશે કે નહિ. કૃષિ મંત્રાલય તરફથી સંજય અગ્રવાલે આ બેઠકમાં ભાગ લીધો હતો અને સંગઠનોની વાત સાંભળી હતી. પંજાબથી જે લોકો ખેડૂત યુનિયન તરફથી ચર્ચામાં ભાગ લેવા આવ્યા હતા તેમાં બલવીર સિંહ રાજેવાલ, જગરૂપ સિંહ, કુલવંત સિંહ, દર્શન પાલ, જગજીત સિંહ, સતનામ સિંહ સુરજિત સિંહ ફૂલ સામેલ થયા હતા.

જણાવી દઈએ કે જયારે કાયદો સંસદમાંથી પસાર કરવામાં આવ્યો ત્યારથી જ આ કાયદા પર વિવાદ ચાલી રહયો છે. નવા કૃષિ કાયદામાં મંડી બહાર પાકના વેચાણ માટે મુક્તિ, પ્રાયવેટ ફાર્મિંગને પ્રોત્સાહન આપવા વગેરે જેવા પ્રસ્તાવ મુકવામાં આવ્યા છે. જોકે, ઘણા કૃષિ સંગઠન અને રાજકીય પક્ષો આ કાયદાને ખેડૂત વિરોધી ગણાવી રહ્યા છે.

## ભારત-US સાથે તણાવ વચ્ચે જિનપિંગએ કહ્યું- જંગ માટે તૈયાર રહે સેના



ન્યુ દિલ્હી,

અમેરિકા અને ભારતની સાથે ચાલી રહેલાં તણાવની વચ્ચે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ગુઆંગડોંગ વિસ્તારનો પ્રવાસ કરી સેનાના એક અડ્ડા પર પહોંચ્યા હતા. સૈન્ય અડ્ડા પર શી જિનપિંગે મરીન સૈનિકોને યુદ્ધ માટે તૈયાર રહેવા અને હંમેશા સતર્ક રહેવા માટે કહ્યું છે. જિનપિંગે શાંતોઉ વિસ્તારનો પણ પ્રવાસ કર્યો હતો, જે વિદેશોમાં રહેતાં ચીની લોકોનું હોમટાઉન છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટની રિપોર્ટ પ્રમાણે શી જિનપિંગે મરીન સૈનિકોને કહ્યું કે, તેઓને એક સાથે અનેક મોર્ચા પર તૈયાર રહેવું, ત્વરિત પ્રતિક્રિયા આપવી, તમામ મોસમ અને વિસ્તારમાં જંગ લડવા માટે તૈયાર રહેવાં કહ્યું હતું. ચીનના સરકારી ટીવી ચેનલ સીસીટીવી પર પ્રકાશિત શીના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, તમને તમારું દિમાગ અને તમામ ઉર્જા યુદ્ધની તૈયારી માટે લગાવી દેવી જોઈએ અને હંમેશા સતર્ક રહેવું જોઈએ.

શી જિનપિંગ કહ્યું કે, મરીન સૈનિકોનાં અલગ અલગ મિશન છે અને તમારી ડિમાન્ડ વધારે હસે. તેને જોતાં તમને તમારી ટ્રેનિંગમાં જંગની તૈયાર પર ફોકસ રાખવું જોઈએ. સાથે જ પોતાના પ્રશિક્ષણના માપદંડ અને લડાકૂ ક્ષમતાને વધારવી પડષે. સેન્ટ્રલ મિલિટ્રી કમિશનના ચેરમેન શી જિનપિંગે કહ્યું કે, મરીન સૈનિકોના ખભા પર સમગ્ર દેશની સંપ્રભુતા, સુરક્ષા, સમુદ્રી હીતો અને વિદેશોમાં ચીની હિતોની રક્ષાની જવાબદારી છે.

માનવમાં આવી રહ્યું છે કે, ચીની રાષ્ટ્રપતિએ ઈશારા-ઈશારમાં તાઈવાન અને સાઉથ ચાઈના સી પર ચીનના દાવાનો ઉલ્લેખ કર્યો હતો. આ સૈન્ય યાત્રા એવા સમયે થઈ રહી છે, જ્યારે તાઈવાનમા તણાવી ચરમસીમા પર છે. સાથે જ અમેરિકા અને તાઈવાનની વચ્ચે સંબંધ વધારે મધૂર થતાં જઈ રહ્યા છે. ચીને કહ્યું કે, તે તાઈવાનેને પોતાના નિયંત્રણમાં લાવવા માટે છે અને તેના જરૂર પડી તો તે સેનાનો પણ ઉપયોગ કરશે.

## સીમા પારથી ૨૫૦ આતંકીઓ ઘુષણખોરીની ફિરાકમાં

ન્યુ દિલ્હી,

પાકિસ્તાનની જમીનનો ઉપયોગ આતંકી પ્રવૃતિ માટે કરવામાં આવે છે તેનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. ઠંડી પહેલાં કાશ્મીર ઘાટીમાં આતંકી ઘુષણખોરીનું મોટું ષડયંત્ર સામે આવ્યું છે. જણાવવામાં આવી રહ્યું છે કે, સીમા પારથી ૨૫૦ આતંકીઓ ઘુષણખોરીની ફિરાકમાં બેઠા છે. આ ખુલાસો અન્ય કોઈ નહીં, પણ ભારતીય સેનાના વજ ડિવિઝનના GOC મેજર જનરલ અમરદીપ સિંહ ઔઝલાએ કર્યો છે. કાશ્મીર ઘાટીમાં બરફવર્ષાને કારણે સીમા પાર પાકિસ્તાનમાં રહેલી આતંકી ફેક્ટરી એક્ટિવ થઈ જાય છે. અને આતંકીઓના આકા ઠંડી અને બરફવર્ષાનો ફાયદો ઉઠાવીને લગભગ ૨૫૦ આતંકીઓ ભારતમાં ઘુષણખોરી કરવા માગે છે. સેનાના ખુફિયા રિપોર્ટમાં આતંકીઓના આ પ્લાનનો ખુલાસો થયો છે.

પાકિસ્તાન હાલમાં સતત LoC પર સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહી છે અને આ વર્ષે સીઝફાયરની અનેક ઘટનાઓ સામે આવી ચૂકી છે. સીઝફાયરની આડમાં પાકિસ્તાની સેના આતંકીઓનો સાથ આપી રહી છે, કે જેને કારણે તેઓ સરળતાથી ભારતીય સીમામાં ઘૂસી શકે. જો કે, સરકારે સેનાની મદદ માતે બોર્ડર પર સેંસર લગાવી દીધા છે, જેને કારણે સરળતાથી આતંકીઓની ઘૂષણખોરીને નાકામ કરવામાં આવી શકે.

સેનાએ છેલ્લા ૬ દિવસમાં ૧૦ આતંકીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. એટલું જ નહીં, સેનાએ કાશ્મીર ઘાટીમાં સર્ચ ઓપરેશન પણ તેજ કરી દીધું છે. ઘાટીના ૯ જિલ્લાઓમાંથી આતંકીઓનો સફાયો થઈ ચૂક્યો છે. અને હવે સાઉથ કાશ્મીરમાં આતંકીઓનું નિશાન મિટાવવા માટે સેના કામે લાગી છે. વર્ષ ૨૦૨૦માં કાશ્મીર ઘાટીમાં ૭૫ સફળ ઓપરેશન કરીને ૧૮૦થી વધારે આતંકીઓને ઠાર મરાયા છે.

## નફરતથી ભરેલાં રાષ્ટ્રવાદની નક્કર ઉપલબ્ધિ, ભારતને ઓવરટેક કરશે બાંગ્લાદેશ: રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,

પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ દેશની પ્રતિ વ્યક્તિ કુલ ઘરેલું ઉત્પાદનની ધીમી રફતાર પર નિશાન મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ છ વર્ષના નફરતથી ભરેલાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની નક્કર ઉપલબ્ધિ છે કે આપણો પાડોશી દેશ બાંગ્લાદેશ આ મામલામાં હવે આપણાથી પણ આગળ નીકળવાની તૈયારીમાં છે. રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને સરકાર પર નિશાન સાધ્યું હતું.

જણાવી દઈએ કે, આ કેલેન્ડર વર્ષમાં બાંગ્લાદેશ પ્રતિ વ્યક્તિ જીડીપીના મામલામાં ભારતને પછાડવાની તૈયારીમાં છે. તેનું મુખ્ય કારણ કોવિડ ૧૯ અને લોકડાઉનને કારણે ભારતીય અર્થવ્યવસ્થા ગંભીર રીતે પ્રભાવિત થઈ છે. આઈએમએફ, વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક મુજબ વર્ષ ૨૦૨૦માં બાંગ્લાદેશની પ્રતિ વ્યક્તિ જીડીપી ૪ ટકા વધીને ૧૮૮૮ ડોલર હશે, જ્યારે ભારતની પ્રતિ વ્યક્તિ જીડીપી ૧૦.૫ ટકા ઘટીને ૧૮૭૭ ડોલર રહેવાની ઉમ્મીદ છે,

જે છેલ્લા ચાર વર્ષોમાં સૌથી ઓછી છે. બંને દેશોની જીડીપીનો આ આંકડો હાલની કિંમતો પર આધારિત છે. આઈએમએફ- વર્લ્ડ ઈકોનોમિક આઉટલુકના રિપોર્ટ પ્રમાણે ભારત દક્ષિણ એશિયામાં ત્રીજો સૌથી ગરીબ દેશ બનવાની તરફ આગળ વધી રહ્યો છે. ફક્ત પાકિસ્તાન અને નેપાળની પ્રતિ વ્યક્તિ જીડીપી ભારત કરતાં ઓછી હશે, જ્યારે બાંગ્લાદેશ, ભૂટાન, શ્રીલંકા અને માલદીવ જેવા દેશ ભારતથી આગળ હશે.

**શહેરા નગરપાલિકા**
**જાહેર નિવિદા**
**ટેન્ડર નોટીસ નં.૦૧, વર્ષ ૨૦૨૦-૨૧**

શહેરા નગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી શહેરી સડક યોજના વર્ષ ૨૦૨૦–૨૧ હેઠળ શહેરા નગરપાલિકા વિવિધ વિસ્તારમાં રસ્તાઓના રીપેરીંગ/રીસર્ફેસીંગ કરવાના કામો માટે રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂા.૮૫,૯૪,૯૫૭.૦૦ છે.

ટેન્ડર તા.૧૫/૧૦/૨૦૨૦ થી તા.૨૯/૧૦/૨૦૨૦, સમય ૧૮:૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોક્યુમેન્ટ તા.૦૪/૧૧/૨૦૨૦ ૧૬:૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.comપરથી મળી શકશે.

ટેન્ડર તા.૦૫/૧૧/૨૦૨૦ બપોરના ૧૪:૦૦ કલાકે ઓપન કરવામાં આવશે. જેમાં ટેન્ડર કર્તાઓએ અત્રેની કચેરીમાં અવશ્ય હાજર રહેવાનું રહેશે.

| સહી | સહી | સહી |
|---|---|---|
| ચીફ ઓફીસર | કારોબારી અધ્યક્ષ | પ્રમુખ |
| નગરપાલિકા શહેરા | નગરપાલિકા શહેરા | નગરપાલિકા શહેરા |

(માહિતી/ગોધરા/૪૪૦/૨૦૨૦)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**રાઠવા રમણભાઈ ગમીરભાઈ**

**મુ. વાદર, તા. દે.બારીઆ**

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**માવી સરલાબેન નારસીંગભાઈ**

**મુ. ભુલવાણ, તા. દે.બારીઆ**

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૮ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૧૧૯૦ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૪ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૩ પુરૂષો, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૪-૧૦-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૧૯૦ કેસ પોઝીટીવ નોંધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૨ પુરૂષ, કડાણા તાલુકાના ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૦૭૩ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૩ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૬૧૩૯૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૫૯ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૬ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૯ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૪૨ દર્દી હોમ આઈસોલેશન, ૦૦ દર્દી સી સી સી સંતરામપુર, ૦૬ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૨ દર્દી SDH સંતરામપુર, ૦૧ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૭૦ દર્દીઓ સ્ટેબલ, ૦૬ દર્દીઓ ઓકિસજન પર છે.

## મહીસાગરવાસીઓને કોરોના જાગૃતિ માટે શપથ લેવા જિલ્લા કલેકટરની હાર્દિક અપીલ



લુણાવાડા, ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ (કોરોના વાઈરસ) જન આંદોલન અભિયાન સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે સમગ્ર ગુજરાત રાજયમાં પણ કોરોના મહામારીમાં અટકાયત અંગે જનજનમાં લોકજાગૃતિ આવે અને સમાજના તમામ લોકો માસ્ક પહેરે, વારંવાર સાબુથી હાથ ધોવે, સેનેટાઈઝરનો ઉપયોગ કરે અને ૬ ફૂટનું અંતર રાખે તે આજના સમયની માંગ છે.

આ જનઆંદોલનના ભાગરૂપે આજે તા. ૧૫/૧૦/૨૦૨૦ના રોજ સમગ્ર જિલ્લાની તમામ સરકારી કચેરીઓ, અર્ધ સરકારી કચેરીઓ, બોર્ડ કોર્પોરેશનો, નિગમો સહિત જિલ્લાના પ્રબુધ નાગરિકો, ધર્મગુરૂઓ, સામાજિક-સ્વૈચ્છિક સંગઠનો, વ્યાપરીઓ, મહાજનો, અને સમાજના તમામ વર્ગોને કોરોના જાગૃતિ માટેના શપથ ગ્રહણ કરવા જિલ્લા કલેકટર આર. બી. બારડે હાર્દિક અપીલ કરી છે.

આ જનઆંદોલનના ભાગરૂપે સમાજના તમામ વર્ગોએ હું માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળું, દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવીશ, વારંવાર સાબુથી હાથ ધોઈશ કે સેનેટાઈઝરનો ઉપયોગ કરતો રહીશ, મારી તથા મારા સ્વજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પદ્ધતિઓ અપનાવીશ અને યોગ-વ્યાયામ ઈત્યાદિથી જીવનશૈલી સુધારીશ તથા મારા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખીશ તેવા શપથ ગ્રહણ કરવા જિલ્લા કલેકટરએ અનુરોધ કર્યો છે.

વધુમાં સમાજના તમામ વર્ગના લોકોને તેમનો આ શપથ વીડિયો Gujarat Fights Corona હેશટેગ સાથે ટવિટર પર info Gujarat, CMOGuj અને ફેસબુક પર gujaratinformation. official, CMOGuj ને ટેગ કરીને અપલોડ કરવા પણ જણાવ્યું છે.

તો આવો આજે આપણે સૌ એક સાથે કોવિડ-૧૯ જન આંદોલન અભિયાનમાં જોડાઈને શપથ ગ્રહણ કરીને કોરોના મહામારી અટકાયતમાં આપણું યોગદાન આપીએ.

# લુણાવાડા ખાતે શિક્ષણ વિભાગ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૬૧ યુનિટ રક્ત એકત્ર



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, રાજયના શિક્ષણ વિભાગ પ્રેરિત મહીસાગર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે લુણાવાડા ખાતે સરદાર પટેલ વિદ્યાલય ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન રાજયના શિક્ષણ સચિવ ડો. વિનોદ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ૧૬૧ યુનિટ જેટલું બ્લડ એકત્ર કરવામાં આવ્યું.

જિલ્લા કલેકટર આર. બી. બારડે આ રકતદાન કેમ્પની મુલાકાત લઈને ઉપસ્થિત શિક્ષકોને પ્રેરણા પૂરી પાડી કોવિડ-૧૯ જનઆંદોલન અભિયાન અંતર્ગત જનજનમાં લોકજાગૃતિ આવે અને કોરોના સંક્રમણને અટકાવવા માટે સમાજના તમામ લોકો માસ્ક પહેરે, વારંવાર સાબુથી હાથ ધોવે, સેનેટાઈઝરનો ઉપયોગ કરે અને ૬ ફૂટના અંતરનું પાલન કરે તે માટેનો સંદેશો સમાજના ઘર-ઘર સુધી પહોંચાડવા સુચવ્યું હતું.

કોરોના વાયરસ મહામારી સમયે જરૂરિયાતમંદ લોકોને સમયસર રક્ત મળી રહે તેવા ઉદ્દેશથી શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત આ બ્લડ ડોનેશન કેમ્પનો પ્રારંભ કરાવતાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ કોરોનાની આ મહામારીના સમયમાં લોકડાઉન અને અનલોક દરમિયાન જિલ્લાના શિક્ષકોએ જિલ્લાના નાગરિકોના આરોગ્યની સુખાકારી માટે કોરોના વોરિયર્સ બનીને મહત્વની કામગીરી હતી. અને આજે કોરોના વાયરસની મહામારી વચ્ચે જરૂરિયાતમંદ લોકોને સમયસર રકતનો પ્રવાહ મળી રહે તે ઉદ્દેશને ધ્યાનમાં રાખીને રકતદાન કરી રહ્યા છે ત્યારે તેમની આ સેવાઓને બિરદાવી હતી.

ગુજરાત આચાર્ય સંઘના પ્રમુખ જે. પી. પટેલે કોરોના વાયરસની આ મહામારી વચ્ચે શિક્ષકોએ કરેલ કામગીરીને બિરદાવી શિક્ષણ વિભાગ દ્વારા કોરોના વાયરસની મહામારી વચ્ચે જરૂરિયાતમંદ લોકોને સમયસર રકત મળી રહે તે માટે જે રકતદાન કેમ્પોના કરવામાં આવી રહેલ આયોજનની સરાહના કરી હતી.

શિક્ષણ વિભાગના ઉપક્રમે હવે આગામી તા. ૧૬/૧૦/૨૦૨૦ના રોજ સંતરામપુર ખાતેની મુરલીધર સ્કૂલ ખાતે અને તા. ૧૯/૧૦/૨૦૨૦ના રોજ લાલસર ખાતે પટેલ સમાજની વાડી ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવનાર છે. આ બ્લડ ડોનેશન કેમ્પમાં મોટી સંખ્યામાં જિલ્લાના શિક્ષકોને ભાગ લેવા બદલ મહીસાગર જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ઉપસ્થિત રહીને શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ રકતદાન કેમ્પમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વાય.એચ.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી પી.એન.મોદી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ શશિકાંતભાઈ પટેલ, જિલ્લા માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખ મહેશભાઈ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના કે.એમ.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના જે.એસ.પટેલ સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## ઝાલોદ-ઉપલેટા ST બસમાં બે મહિલા પાસેથી ૩૬ હજારનો દારૂ સાથે પકડતી પોલીસ

સંતરામપુર, સંતરામપુરના નાળ વિસ્તારમાં સંતરામપુર પોલીસે ૩૬,૭૦૦નો દારૂનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.બુટલેગરો દારૂની હેરાફેરી માટે વિવિધ પ્રકારના કિમીયાઓ કરી દારૂની હેરાફેરી કરતા હોય છે. જેમાં તેઓને એસ.ટી.બસ સલામત હોય તેવુ જોવા મળી રહ્યુ છે. પરંતુ પોલીસને બાતમી મળતા તેઓનો એસ.ટી.માં દારૂની હેરાફેરીનો કિમીયો કામ નથી લાગતો તેવુ જોવા મળી રહ્યુ છે. જેને કારણે સંતરામપુર પોલીસ દ્વારા છેલ્લા ૨ માસમાં ૫ વખત બસમાંથી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. તાજેતરમાં સંતરામપુર નજીકના નળ વિસ્તારમાં બાતમીના આધારે ઝાલોદ ઉપલેટા બસમાં દારૂની હેરાફેરી બે મહિલાઓએ ખાતરની થેલીમાં સંતાડેલો રૂ.૩૬,૭૦૦ની બિયર બોટલ અને કવાટરિયા નંગ-૩૬૭ કબ્જે કર્યો હતો. એસ.ટી.માં દારૂની હેરાફેરી કરાતા એસ.ટી.તંત્ર પણ બેજવાબદાર હોય તેવુ જોવા મળી રહ્યુ છે.

## કડાણા બાર એસોસિએશન દ્વારા તલાટીઓને સોગંદનામાંની સત્તા આપવા બાબતે વિરોધ સાથે આવેદન

કડાણા, કડાણા બાર એસોસિએશનના સભ્યો અને હોદ્દેદારોએ તલાટીઓને સોગંદનામાં કરવાની સત્તા આપવા બાબતના રાજય સરકારના પરીપત્ર બાબતે વિરોધ દર્શાવતુ આવેદનપત્ર કડાણા મામલતદારને અપાયુ હતુ.

રાજય સરકાર દ્વારા તાજેતરમાં તલાટી કમ મંત્રીઓને સોગંદનામાંની સત્તા આપવા બાબતનો પરીપત્ર જાહેર કરવામાં આવેલ છે. તલાટીઓને સોગંદનામાં કરવાની સત્તા આપવાના કારણે લાખો વકીલો તથા નોટરી વકીલોની કામગીરી ઠપ્પ થઈ જશે. મહત્વની જવાબદારી જો તલાટીઓને સોંપવામાં આવે તો ગેરરિતીઓ થવાની શકયતાઓ છે. તેથી આ કરેલ ઠરાવનો સંપુર્ણપણે વિરોધ સાથે તાત્કાલિક અસરથી આ પરીપત્ર રદ્દ કરવા બાબતે કડાણા વકીલ મંડળના પ્રમુખ વિજયભાઈ એમ.સેવક, નોટરી રાજેન્દ્રસિંહ પુવાર, વકીલ એ.એચ.પઠાણ , એસ.આર.બારીયા વગેરે એ મામલતદાર કડાણાને આવેદનપત્ર સુપરત કરેલ હતુ.

## કોવીડને ધ્યાને લઈ નવરાત્રિ ઉત્સવ દરમિયાન સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા જિલ્લા વહીવટીતંત્રની અપીલ

લુણાવાડા, નવરાત્રિ ઉત્સવ દરમિયાન આગામી તા.૧૭ થી તા.૨૫ ઓકટોબર-૨૦૨૦ સુધી અને તા.૨૬ ઓકટોબર-૨૦૨૦ના રોજ દશેરાનો તહેવાર છે. ચાલુ વર્ષે કોવીડ-૧૯ સંક્રમણને ધ્યાને લઈ રાજયના ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવું જિલ્લા વહીવટીતંત્ર તરફથી અપીલ કરવામાં આવી છે.

શહેર/ગામમાં જાહેર કે શેરી ગરબા સહિત કોઈપણ પ્રકારના ગરબા યોજી શકાશે નહિ. નવરાત્રિ દરમિયાન પૂર્વ મંજૂરી મેળવીને જાહેરમાં ગરબી-મૂર્તિની સ્થાપના, પૂજા અને આરતી કરી શકાશે. કાર્યક્રમમાં ફોટો અથવા મૂર્તિને ચરણસ્પર્શ કે પ્રસાદ વિતરણ કરી શકાશે નહિ. પૂજા-આરતી કાર્યક્રમમાં સરકારે આપેલી સૂચનાઓનું પાલન સાથે મહત્તમ ૨૦૦ થી વધુ વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે નહિ. આ કાર્યક્રમનો સમય એક કલાકનો રહેશે.મેળા, રેલી, પ્રદર્શન, રાવણ દહન, રામલીલા, શોભાયાત્રા, ગરબા અને સ્નેહમિલન જેવા સામૂહિક કાર્યક્રમ જ્યાં મોટા પ્રમાણમાં લોકો એકત્રિત થતાં હોય તે પ્રતિબંધિત રહેશે.નવરાત્રિઉત્સવમાં પૂજા-આરતી કાર્યક્રમ અંગે પરવાનગી માટેની અરજીઓ આયોજકના નામ, સરનામા, સ્થળ વગેરે સંપૂર્ણ વિગત સાથે જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરને સમયસર રૂબરૂમાં આપવાની રહેશે, તે બાબતની નોંધ લેવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

### આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૧૫-૧૦-૨૦૨૦, ગુરૂવાર, અધિક આસો વદ-૧૩, સૂર્યોદય-૬-૪૪, સૂર્યાસ્ત-૬-૨૧, જૈન નવકારશી-૭-૩૨, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્ર: ઉત્તરા ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૪૪ થી શુભ-૮-૧૧ સુધી, ૧૧-૦૫ ચલ-લાભ-અમૃત-૧૫-૨૬ સુધી, ૧૬-૫૩ થી શુભ-અમૃત-ચલ-૨૧-૨૬ સુધી

- શુભ હોરા-
૬-૪૪ થી ૭-૪૨ સુધી, ૯-૩૮થી ૧૨-૩૨ સુધી, ૧૩-૩૦થી ૧૪-૨૮ સુધી, ૧૬-૨૪થી ૧૯-૨૨ સુધી

# એક વખત સંક્રમિત થયાના ૧૦૦ દિવસો બાદ ફરીથી થઈ શકે છે કોરોના: ICMR



ન્યુ દિલ્હી, આઈસીએમઆરએ કહ્યું કે, દેશમાં કોરોના વાયરસના ફરીથી સંક્રમણના ૩ નવા કેસ સામે આવ્યા છે. તેમાંથી બે કેસ મુંબઈમાં અને એક કેસ અમદાવાદમાંથી સામે આવ્યો છે. આઈસીએમઆરના ડાયરેક્ટર જનરલ બલરામ ભાર્ગવે કહ્યું કે, ફરીથી સંક્રમિત થવાની સમયસીમા ૧૦૦ દિવસ નક્કી કરવામાં આવી છે. અનેક રિસર્ચ બાદ એ સામે આવ્યું છે કે, એક વખત સંક્રમિત થનાર વ્યક્તિના શરીરમાં સામાન્ય રીતે ચાર મહિના સુધી એન્ટીબોડી હાજર રહે છે.

ભાર્ગવે કહ્યું કે, ફરીથી સંક્રમણ એક સમસ્યા છે. જે પહેલવીર હોંગકોંગમાં સામે આવ્યો હતો. તેઓએ કહ્યું કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશન તરફથી અમને ડેટા મળ્યો છે. જેમાં દુનિયાભરમાં ફરીથી સંક્રમણના બે ડઝન મામલાઓનો ઉલ્લેખ છે. ફરીથી સંક્રમિત થનાર વ્યક્તિ સાથે ટેલિફોન પર વાત કરીને અમુક ડેટા એકત્ર કરવાની કોશિશ કરવામાં આવી રહી છે. ભાર્ગવે કહ્યું કે, "હું"એ પણ જણાવ્યું નથી કે કોઈ વ્યક્તિ ૯૦ દિવસ, ૧૦૦ દિવસ કે ૧૧૦ દિવસ બાદ ફરીથી સંક્રમિત થઈ શકે છે. પણ હવે સરકારે તેની સમયસીમા ૧૦૦ દિવસ નક્કી કરી દીધા છે. તેના પ્રમાણે ૧૦૦ દિવસ સુધી ફરીથી સંક્રમિત થવાનો ખતરો છે.

દેશમાં રોજના સામે આવનાર નવા મામલાઓમાં મોટો ઘટાડો થઈ રહ્યો છે અને સાજા થનાર દર્દીઓની સંખ્યા વધી રહી છે. છેલ્લા ૧૦ દિવસોથી પ્રતિ દિવસ મૃત્યુ પામેલ વ્યક્તિની સંખ્યા પણ હજારથી ઓછી બની રહી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે છેલ્લા પાંચ અઠવાડિયાથી પ્રતિ દિવસના સરેરાશ નવા કેસોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. સપ્ટેમ્બરના બીજા અઠવાડિયામાં સરેરાશ દૈનિક કેસોની સંખ્યા ૯૨,૮૩૦ હતી જે ઓક્ટોબરના બીજા અઠવાડિયામાં ઘટીને ૭૦,૧૧૪ પર આવી ગઈ છે. દેશભરમાં કોરોનાની સ્થિતિ સુધરી રહી છે. કેરળ, કર્ણાટક અને બંગાળમાં હાલત ઠીક નજર આવી રહ્યા નથી. કેરળમાં ફરીથી દેશભરમાં સૌથી વધારે નવા કેસો સામે આવી રહ્યા છે. કેરળમાં ૮૭૬૪, કર્ણાટકમાં ૮૧૯૧ અને બંગાળમાં ૩૬૩૧ નવા કેસો સામે આવ્યા છે. કેરળ અને બંગાળમાં સંક્રમિતોની સંખ્યા ૩ લાખને પાર કરી ગઈ છે, જ્યારે કર્ણાટકમાં તેની સંખ્યા ૭.૨૬ લાખ છે.

### દૈનિક રાશીફળ

તા.૧૫.૧૦.૨૦૨૦ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.) :- મિત્રો સગા સ્નેહીજનો સાથે મિલન મુલાકાત થાય ઉત્સાહ વધવાનો. અચાનક લાભની આશા ફળવાની રોમાન્સમાં સફળતા.

વૃષભ (બ.વ.ઉ.) :- બીઝનેશના પ્રશ્નમાં દિવસ લાભદાયી નીવડે આર્થિક લાભ મલવાનો તબીયત બાત બેદરકારી ન રાખવી. મિલકતથી લાભ.

મિથુન (ક.છ.ઘ.) :- શુભેચ્છકોનો સહયોગ મલવાનો નવા આયોજન બાબત સફળતાવાળો દિવસ રહે. સ્નાયુને લાભ તકલીફોથી જાળવવું.

કર્ક (ડ.હ.) :- મનગમતી વ્યકિતની મુલાકાત થાય ઉત્સાહ વધવાનો ખાણી પીણીથી જળવવું કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય.

સિંહ (મ.ટ.) :- ખુશામત ખોરોથી જાળવજો. મિલ્કતના પ્રશ્નોથી લાભ વધુ પડતો કાર્યભાર ટાળજો વિદેશથી સારો લાભ મલવાનો.

કન્યા (પ.ઠ.ણ.) :- કારણ વગરના વિચારોથી દૂર રહેજો સ્વજનો સાથે વિચાર વિર્મશ કરો -નકારાત્મક વિચારો દૂર રહેજો. પ્રવાસથી લાભ.

તુલા (ર.ત.) :- મનની ઈચ્છાઓ ફળવાની છે નોકરીમાં કોઈ સારો લાભ રહે. પિતાશ્રી સાથે દલીલ લાભથી દૂર રહેવું.

વૃશ્ચિક (ન.ય.) :- ખર્ચ ઉપર લગાવ રાખવી જરૂરી રહે. નવી ઓળખાણથી લાભ, નોકરીમાં સ્થિરતા રાખવી જરૂરી રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક સાહસો માટે કોઈ ઉતાવળ ન કરવી મુલાકાત સફળ થાય. બીજા ઉપર વધુ વિશ્વાસ ન રાખવો.

મકર (ખ.જ.) :- અગત્યની કામગીરી આગળ વધવાની છે. વધુ પડતા અધીરા ન થતા વીજાતીય વ્યકિતથી લાભ રહેવાની.

કુંભ (ગ.શ.સ.) :- મિત્ર વર્તુળમાં વધારો થવાનો છે કુનેહ પૂર્વક નિર્ણયો લેજો સાંજ પછી કોઈ સારો લાભ રહે.

મીન (દ.ચ.ઝ.) :- મહત્વના કાર્યોમાં સફળતા રહે. આવક વૃધ્ધિ થાય પરિવારમાં ઉત્સાહ રહે. માંગલીક પ્રસંગો સફળ થાય.

# દેશમાં કોરોના સંક્રમણનો આંક ૭૨ લાખને પાર, ૧ લાખથી વધુ દર્દીઓએ ગુમાવ્યો જીવ



ન્યુ દિલ્હી, દેશમાં કોરોના સંક્રમણ લોકોનો આંક ૭૨ લાખને પાર પહોંચી થયો છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૧.૧૦ લાખને પાર પહોંચી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૬૩,૫૦૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૭૩૦ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૭૨,૩૯,૩૯૦ થઈ ગઈ છે.

નોંધનીય છે કે, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૬૩ લાખ ૧ હજાર ૯૨૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૮,૨૬,૮૭૬ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૧૦,૫૮૬ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. વિશેષમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ બુધવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૩ ઓક્ટોબર સુધીમાં ભારતમાં કુલ ૯,૦૦,૯૦,૧૨૨ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, મંગળવારના ૨૪ કલાકમાં ૧૧,૪૫,૦૧૫ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. બીજી તરફ ગુજરાતમાં ૧૩મી ઑક્ટોબરે કોરોના વાયરસના ૧૧૬૯ નવા કેસ પોઝિટિવ નોંધાયા છે, જ્યારે ૧૪૪૨ દર્દીઓ સાજા થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ૨૪ કલાક દરમિયાન રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં કોરોના વાયરસના ૮ દર્દીનાં મોત થયા છે. દરમિયાન રાજ્યમાં પોઝિટિવ કેસનો આંકડો ને ૧,૫૩,૯૨૩ એ પહોંચી ગયો છે.

## બૉલિવૂડમાં ડ્રગકાંડ મુદ્દે મુંબઈ NCBએ ગાંધીનગર FSLની મદદ માગી

ગાંધીનગર, બૉલિવૂડમાં ડ્રગકાંડ મુદ્દે મુંબઈ એનસીબીએ ગાંધીનગર એફએસએલની મદદ માગી હોવાની વિગતો સામે આવી રહી છે. એનસીબીએ ચર્ચામાં આવેલી અભિનેત્રીઓનાં તેમજ અન્ય મળીને ૧૫ સ્માર્ટફોન ગાંધીનગર એફએસએલમાં મોકલ્યા છે.

જણાવવું રહ્યું કે દીપિકા, શ્રદ્ધા, રકુલપ્રીત સિંહના મોબાઈલ ફોન એનસીબીએ જપ્ત કર્યા હતા અને મોબાઈલ ફોનમાંથી તમામ ડેટા મેળવવા માટે મુંબઈ એનસીબીએ ગાંધીનગર FSLની મદદ માગી છે જે આધારે હવે ગાંધીનગરની FSL ટીમ વિગતો બહાર લાવવાનો પ્રયાસ કરશે.

# ફતેપુરાના ઘુઘસ ગામે પ્રા.શાળામાં મધ્યાહન ભોજન સંચાલકની નિમણુંકમાં નિયમ નેવે મુકતા ગાંધીનગર રજુઆત

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં ઘુઘસના હોળી ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં મદયાહન ભોજન સંચાલકની નિમણુંકમાં સ્થાનિક ઉમેદવારને લેવાના નિયમોને બાજુ પર રાખી અન્ય ગામના ઉમેદવારને પસંદગી આપવામાં આવતા તેની સ્થાનિકથી લઈ ગાંધીનગર સુધી રજુઆત કરવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

ફતેપુરા તાલુકાના ઘુઘસ ગામે આવેલ હોળી ફળિયા વર્ગ પ્રા.શાળામાં મદયાહન ભોજન સંચાલકની જગ્યા ખાલી પડતા તેની જાહેરાત આપવામાં આવી હતી. આ જગ્યા માટે નિમણુંક મેળવવા છ ઉમેદવારોએ અરજીઓ કરેલ હતી. જેમાં ઘુઘસ ગ્રામ પંચાયત સિવાયની અન્ય ગ્રામ પંચાયતના ઉમેદવારને ભોજન સંચાલક તરીકે નિમણુંક આપવામાં આવતા તેના વિરોધમાં રજુઆત કરતા જણાવવામાં આવ્યુ હતુ કે, ઘુઘસ ગ્રામ પંચાયતમાંથી વિભાજન થતા ખુંટા ગ્રામ પંચાયત જુદી પડતા આ ઘુઘસ ગ્રામ પંચાયતનો વહીવટ પણ અલગ ચાલે છે. જ્યારે હાલ હોળી ફળિયા વર્ગ પ્રા.શાળામાં મધ્યાહન ભોજન સંચાલક તરીકે ગામના ઉમેદવારોની બાદબાકી કરી ખુંટા ગામના ઉમેદવારને નિમણુંક આપવામાં આવી છે. જે નિયમ વિરુદ્ધ છે. પસંદગી કરવામાં આવેલા ઉમેદવાર ઘુઘસના હોળી ફળિયા વર્ગ પ્રા.શાળાથી ત્રણ થી ચાર કિમી દુરના અંતરના અન્ય ગામના રહિશની ઉમેદવારી માન્ય રાખવામાં આવી છે. અને મેરિટમાં આવતા સ્થાનિક ઉમેદવારની બાદબાકી કરવામાં આવતા તેની સ્થાનિક અને ગાંધીનગર કક્ષાએ રજુઆત કરવામાં આવી હોવાનુ જાણવા મળે છે.

સ્થાનિક ઉમેદવાર ચારેલ હંસાબેને અન્ય ગામના ઉમેદવારની નિમણુંકનો વિરોધ કરતા જણાવ્યુ હતુ કે, વર્ગ પ્રા.શાળામાં મદયાહન ભોજન સંચાલક માટે ઘુઘસ હોળી ફળિયા છ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. તેઓનુ રહેઠાણ શાળાથી માત્ર ૫૦૦ મીટરના અંતરે આવેલ છે. તેમજ લાયકાતની દ્રષ્ટિએ પણ મેરિટમાં તેઓનો પ્રથમ નંબર આવે છે. છતાં તેમની બાદબાકી ગામ બહારના ઉમેદવારની ગેરકાયદે નિમણુંક કરી ગામના ઉમેદવારો સાથે અન્યાય કરવામાં આવેલ છે. આ અંગે તેઓએ ગાંધીનગર ખાતે રજુઆત કરી છે.

# ફતેપુરાના નાના સરણાયા ગામે વિકાસના કામોમાં ગેરરિતી ભ્રષ્ટાચારનો આક્ષેપ સાથે આવેદન

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના નાના સરણાયા ગામના ગ્રામજનો દ્વારા ફતેપુરા મામલતદારને આવેદનપત્ર આપી ગામમાં તલાટી અને સરપંચ તેમજ તેમની એજન્સી મારફતે ગામમાં મનરેગા યોજના, વિકાસના કામો અને પંચાયતના કામોમાં ગેરરિતી તેમજ ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો સાથે મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતુ.

આવેદનપત્રમાં જણાવ્યાનુસાર નાના સરણાયા ગામે તલાટી સરપંચ તેમજ એજન્સી મારફતે નાના સરણાયા ગામે મનરેગા યોજના હેઠળ કેટલ શેડ ગામના સરપંચ દ્વારા અભણ લોકોની જાણ બહાર મજુર કરાયેલ એજન્સી મારફતે બારોબાર ખોટા બિલો રજુ કરી તેમજ મટીરીલ્યસમાં નાના-મોટા પ્રમાણમાં ઉપાડી લીધેલ અને હાજરી પત્રકમાં ખોટી રીતે પોતાના જ ઘરના નામ ઉમેરી કામો કર્યાનો પણ આક્ષેપ આવેદનપત્રમાં કરવામાં આવેલ છે. આંગણવાડીની કામગીરીમાં પણ ભ્રષ્ટાચાર કર્યો હોવાના આક્ષેપો સાથે વધુ જણાવ્યા પ્રમાણે કુવા મંજુર કરાવી ખોટુ ખોદકામ બતાવી પૈસા ઉપાડી લીધા હતા. ટી.એસ.પી.યોજના અંતર્ગત સ્મશાનગૃહ મંજુર થયેલ છતા સ્મશાનગૃહ પર સુધારા-વધારા કરવામાં આવેલ નથી. સ્ટ્રીટલાઈટનુ કામ પણ આખા ગામમાં કરેલ નથી. અને તેના પણ ખોટા બિલો બતાવી પૈસા ઉપાડી રસ્તાના નિર્માણમાં હલકી ગુણવત્તાનુ મટીરીયલ્સ વાપરી હોવાના અનેક આક્ષેપો નાના સરણાયાના ગ્રામજનોએ તાત્કાલિક પગલા લેવા આવેદનપત્રમાં રજુઆત કરી હતી.

# રાજ્યમાં આજથી ત્રણ દિવસ ભારે વરસાદની સંભાવના: હવામાન વિભાગ



ગાંધીનગર,

આગામી ત્રણ દિવસ દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારમાં હળવો વરસાદ પડી શકે તેવી હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. ખાસ કરીને સુરત, નવસારી અને વલસાડમાં મેઘરાજા મહેરબાન થઈ શકે છે. બીજી તરફ સુરત શહેરના તાપમાનમાં જોવા મળેલા રહેલા વધઘટ વચ્ચે લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. રાત્રીનું તાપમાન ૨૬.૮ ડિગ્રી સેલ્સિયલથી ગગડીને ૨૩.૮ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું. આ ઉપરાંત ઉકાઈ ડેમમાં પાણીની આવક વધીને ૧૧,૪૫૮ ક્યુસેક નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી અનુસાર આજથી (બુધવાર) શુક્રવાર સુધી સુરત, નવસારી, વલસાડ, ડાંગના છૂટાછવાયા વિસ્તારમાં હળવો વરસાદ પડી શકે છે. ક્યાંક વરસાદ પડશે તો કેટલાક ઠેકાંણે વરસાદ નહીં પણ પડે. જોકે, હવામાન વિભાગની આગાહીએ જગતના તાતની ઊંઘ હરામ કરી દીધી છે. ખેડૂતોએ ડાંગરની કાપણી શરૂ કરી દીધી છે.

હવે વરસાદ પડશે તો ખેતરમાં કાપીને પડેલા ડાંગરના પાકને નુકશાન થશે. બીજી તરફ સુરત શહેરના મહતમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો હતો. મંગળવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૨૩.૮ ડિગ્રી સેલ્સિયસ અને મહતમ તાપમાન ૩૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૬૧ ટકા નોંધાયું હતું. ગાંધીનગરમાં વેધર વોચ કમિટીની બેઠક યોજાઈ હતી જેમા રાહત કમિશનર હર્ષદ પટેલે આ માહિતી આપી હતી. આગામી તા.૧૫થી ૧૭ ઓક્ટોબર દરમિયાન મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાંક ભાગોમાં સામાન્યથી હળવા વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જેમાં તા. ૧૬ અને ૧૭ ઓક્ટોબર દરમિયાન સૌરાષ્ટ્રના અમરેલી-ભાવનગર તથા દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

આજે ગાંધીનગર ખાતે યોજાયેલા વેધર વોચ ગ્રુપના વેબીનાર બાદ રાહત કમિશનર અને અધિક સચિવ હર્ષદ આર. પટેલે આ અંગેની માહિતી આપી હતી. રાહત કમિશનર હર્ષદ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ વર્ચ્યુઅલ મિટિંગમાં ઉપસ્થિત અધિકારીઓને પટેલે જણાવ્યુ કે, આજે સવારે ૬.૦૦ થી બપોરના ૨.૦૦ સુધી રાજ્યના કોઈ પણ તાલુકામાં વરસાદ નોંધાયો નથી. રાજ્યમાં અત્યાર સુધી તા.૧૩/૧૦/૨૦૨૦ અંત સુધી ૧૧૨૨.૨૫ મીમી વરસાદ થયો છે. જે પાછલા ત્રીસ વર્ષની રાજ્યની એવરેજ ૮૩૧ મીમીની સરખામણીએ ૧૩૫.૦૫ ટકા છે.

# મંદિર અને સ્કૂલો પર પ્રતિબંધ યથાવત, મેટ્રો અને લાઈબ્રેરી પરથી હટી પાબંદી



મુંબઈ,

કોરોના સંકટ વચ્ચે મહારાષ્ટ્ર સરકારે આજે બુધવારે અનલોક ૫ અંતર્ગત નવા દિશા નિર્દેશો જાહર કર્યા છે. જો કે આ નવી ગાઈડલાઈનમાં પણ મંદિરો અને શાળાઓને ખોલવાની મંજૂરી મળી નથી. આ નવા દિશા નિર્દેશો પ્રમાણે આવતી કાલ એટલે ૧૫ ઓક્ટોબરથી મેટ્રો સેવા શરુ કરવામાં આવશે. તો સરકારી અને પ્રાઈવેટ લાઈબ્રેરી ખોલવાની પણ મંજૂરી મળી છે.

મહારાષ્ટ્ર સરકારે જે નવી ગાઈડલાઈન જાહેર કરી છે તેમાં મંદિરો, થિએટર અને ધાર્મિક સ્થળોને કોઈ છૂટ આપવામાં આવી નહિ. દેશના અન્ય રાજ્યોમાં કડક દિશા નિર્દેશો સાથે સિનેમા હોલ ખોલવાની મંજૂરી મળી છે, પરંતુ મહારાષ્ટ્રમાં હજુ સુધી થિયેટર ઉપર પ્રતિબંધ યથાવત રાખ્યો છે. સ્કૂલો અને શૈક્ષણિક સંસ્થાઓ ઉપરનો પ્રતિબંધ પણ યથાવત છે. જો કે શિક્ષકો ૫૦ ટકા સંખ્યામાં શાળાએ જઈ શકશે.

આ નવી ગાઈડલાઈનમાં સૌથી મહતત્વનો નિર્ણય મેટ્રો સેવાને લઈને કરવામાં આવ્યો છે. રાજ્યમાં મેટ્રો સેવાને ૧૫ ઓક્ટોબરથી ફરી શરુ કરવામાં આવશે. આ માટના દિશા નિર્દેશો અલગથી જાહેર કરવામાં આવશે. સરકારે સાથે જ સ્થાનિક સાપ્તાહિક બજાર ખોલવાની મંજૂરી પણ આપી છે. આ બજારો પણ આવતી કાલથી જ ખુલશે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં મંદિરો અને ધાર્મિક સ્થળો ખોલવાને લઈને રાજકિય સંગ્રામ શરુ થયો છે. આ અંગે માહારાષ્ટ્રના રાજ્યપાલ અને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે વચ્ચે પત્રાના માધ્યમથી આરોપ પ્રત્યારોપ પણ થયા છે. આ મુદ્દો છેક હિન્દુત્વ અને ધર્મનિરપેક્ષતા સુધી પહોંચી ગયો છે. શરદ પવારે આ અંગે વડાપ્રધાનને પત્ર પણ લખ્યો છે. ત્યારે આ નવી ગાઈડલાઈનમાં પણ મંદિરો ખોલવાને મંજૂરી મળી નથી.

# વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદીઓ વચ્ચે મારામારી થતા કુખ્યાત ગેંગસ્ટરની થઈ હત્યા

વડોદરા,

વડોદરા શહેરમાં આવેલી સેન્ટ્રલ જેલમાં કેદીઓ વચ્ચેની મારામારીમાં કેદી અજ્જુ કાણીયાની જેલમાં હત્યા થઈ છે. કુખ્યાત ગેંગસ્ટર અજ્જુ કાણીયાને અન્ય કેદીઓ સાથે જેલમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેમાં એક કેદીએ અજ્જુને પતરુ ગળામાં મારતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેમાં તેનું સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.

નોંધનીય છે કે, તે અનેક ખંડણી, લૂંટ જેવા ગુનાઓમાં વોન્ટેડ હતો જે બાદ અજ્જુ કાણીયાની તાજેતરમાં જ ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી હતી. જે બાદ તે જેલમાં બંધ હતો. હાલ રાવપુરા પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે. ગત જૂન મહિનામાં અજ્જુ કાણીયો પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયો હતો.

વડોદરામાં વાડી ખાનગાહ મહોલ્લાની જમીન ખરીદનાર કાપડના વેપારી પાસે એક ફ્લેટ અને રોકડા ૧૦ લાખની ફિરોતી માંગનાર શહેરનો નામચીન ગુનેગાર અજ્જુ કાણીયો જૂન મહિનામાં મોડીરાતે બે વાગે પોલીસને ચકમો આપીને પોલીસ સ્ટેશનમાંથી ભાગી ગયો હતો. જે બાદ તેને મહેસાણાના કડી ખાતે એક ગેસ્ટ હાઉસમાં અજ્જુ કાણીયાએ આશ્રય લીધો હોવાની મળેલી બાતમીના આધારે વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે પહોચીને તેને ઝડપી પાડ્યો હતો. તેની સાથે મહંમદ અનાસની પણ ધરપકડ કરી હતી.

# દાહોદ શહેરના ગોવિંદનગર ચાકલીયા રોડ સહિતના વિસ્તારોમાં વીજ ધાંધિયાથી સ્થાનિકો પરેશાન

દાહોદ,

દાહોદ શહેરના કેટલાક ચોક્કસ વિસ્તારોમાં વીજળીના ધાંધિયાથી પ્રજા પરેશાન છે. મધરાતે ડુલ થઈ જતી વીજળીને કારણે ત્રાહિત્રામ પોકારી ગયેલા લોકો હવે એમજીવીસીએલના અધિકારીઓને આંદોલનનો કરંટ લગાવવા સક્રિય થયા છે.

દાહોદ શહેરના ગોવિંદ નગર અને ચાકલીયા રોડ તેમજ પંકજ સોસાયટી વિસ્તારોમાં વીજળીના ધાંધિયા નવી વાત નથી. જેથી સ્થાનિકો ત્રસ્ત થઈ ગયા છે. આ વિસ્તારોમાં ચોમાસાની ઋતુમાં બે-ચાર છાંટા પડે અથવા તો પવનના ઝોકાઓ આવવાની સાથે જ વીજળી બંધ થઈ જવાની પરંપરા વર્ષોથી ચાલતી આવી છે. તેના વિશે કેટલીય વાર ફરિયાદો કરવા છતાં એમજીવીસીએલના કર્મઠ અધિકારીઓ હજુ સુધી તેનો ફોલ્ટ શોધી શક્યા નથી. તેને કારણે છેલ્લા પાંચ દિવસથી આ વિસ્તારોમાં મધરાતે વીજપુરવઠો કોઈપણ કારણ વિના જ બંધ થઈ જતા નાગરિકો હેરાન-પરેશાન થઈ ગયા છે કારણ કે મધરાતે કોઈને પણ ફરિયાદ કરી શકાતી નથી. તેમાંય હાલમા ગરમી પડતી હોવાને કારણે પંખાઓ બંધ થઈ જતાં પરસેવે રેબઝેબ થવાનો વારો આવ્યો છે. દિવસ દરમિયાન પણ વીજળી ડુલ થઈ જવાની ઘટનાઓ છાશવારે બનતી રહે છે. તેમ છતાં કોઈ નક્કર નિરાકરણ આવતુ નથી. જ્યારે ફોન કરવામાં આવે તો અવનવા બહાના બનાવતા જવાબો મળે છે. જેથી સામાન્ય સંજોગોમાં પણ વીજળી બંધ થઈ જતા પ્રશ્નાર્થો ઉભા થયા છે. દિવસે કામના સમયે પણ લાઈટ જતી રહેતા કોમ્પ્યુટર પર કામ કરનારા અથવા તો લાઈટથી ચાલતા ધંધાઓ અટવાઈ પડે છે. તેમ છતાં આ વિસ્તારમાંથી ફોલ્ટ શોધીને તેનુ કાયમી સમારકામ કેમ કરવામાં નથી આવતુ તે સમજમાં આવતુ નથી.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૬ કોરોના દર્દીઓના સમાવેશ સાથે કુલ આંકડો ૧૬૯૫ ને પાર થયો છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી ૭૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે અને હાલ એક્ટીવ કેસોની સંખ્યા ૬૯ રહેવા પામી છે. આર.ટી.પી.સી.આર.ના ૨૦૧ પૈકી બે અને રેપીટ ટેસ્ટના ૧૩૩૩ પૈકી ૦૪ કોરોના પોઝીટીવ કેસો નોંધાવા પામ્યા છે. આ પૈકી દાહોદમાંથી ૦૫ અને દેવગઢબારિયા માંથી એક કેસ નો સમાવેશ થાય છે. આજે વધુ ૦૬ દર્દીઓએ કોરોના સામે જંગ જીતતા તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

# બીજા વર્ષમાં મંગળ પ્રવેશ કરતું દાહોદ જિલ્લાનું સખી વન સ્ટોપ સેન્ટર

દાહોદ,

મહીલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર તેમજ બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ પાટણ સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ ઓગસ્ટ -૨૦૧૯ માં શરૂ કરવામાં આવ્યું છે. આ સેન્ટરમાં મહિલાઓને ઘરમાં, સમાજમાં, અથવા ખાનગી તેમજ જાહેરક્ષેત્રના સ્થળે હિંસાનો ભોગ બનતી મહિલાઓને તાત્કાલિક ધોરણે તબીબી સહાય, કાનૂની સહાય, પોલીસ સહાય, પરામર્શ, હંગામી ધોરણે આશ્રય જેવી સહાય એક જ સ્થળ પર ઉપલબ્ધ કરવામાં આવે છે.

સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ દ્વારા છેલ્લા એક વર્ષમાં ૧૨૭ મહિલાઓને પરામર્શ દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. જેમાં ૪૪-કેસો માં સરાહનીય કામગીરી કારવામાં આવેલ છે. અને આ સાથે ૧૫ જેટલા કેસો નારીગૃહ, વૃદ્ધાશ્રમ, બાળ સુધાર ગૃહ અને કોર્ટ માં રીફર કરેલ છે. જેમાં જરૂરિયાતમંદ મહિલાઓ તેમજ કિશોરીઓ ને ટૂંકા ગાળાનું આશ્રય આપવામાં આવ્યો હતો. તેમજ સરકારની તમામ મહિલા કલ્યાણકારી યોજનાઓનું માર્ગદર્શન આપી તેમના લાભો પહોંચાડવામાં સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહેલ છે. સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ ની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી ની સાથે આંતરરાષ્ટ્રિય બાળ કન્યાદિન ની ઉજવણી કરવામાં આવી હતી.

# ગોધરાની સાંપા ગામના ઈસમને ઉછીના આપેલ પૈસા લેવા ગયેલ વ્યકિતઓ સાથે મારામારી કરી જાતિ અપમાનિત કરતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના સાંપા ગામે રહેતા ઈસમને હાથ ઉછીના આપેલ રૂપીયા લેવા માટે ગયા હતા. ત્યારે આરોપી પોતાના ઘરે નહિ મળતા બાઈક ઉપર પરત ફરી રહ્યા હતા. ત્યારે આરોપી ઈસમ સામે મળતા ઉછીના પૈસાની માંગણી કરી હતી. ઉશ્કેરાઈ જઈ ફરિયાદી ને જાતિઅપમાનિત તેમનું સાથેના વ્યકિતને ગાળો આપી માથામાં ઈજાઓ પહોંચાડતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના સાંપા ગામે રહેતા પ્રવિણભાઈ પટેલ પાસે ગોધરાના સંજયભાઈ સોની એ હાથ ઉછીના પૈસા આપેલ હતા. તે ઉછીના પૈસા લેવા માટે સંજયભાઈ સોની તથા ચિરાગભાઈ ચૌહાણ આરોપીના ઘરે ગયા હતા. આરોપી પ્રવિણભાઈ ઘરે નહિ મળતા બન્ને ગોધરા તરફ બાઈક ઉપર આવી રહ્યા હતા. ત્યારે પ્રવિણભાઈ પટેલ રસ્તામાં મળી જતાં ઉછીના પૈસાની માંગણી કરતા આરોપી પ્રવિણભાઈ ઉશ્કેરાઈ જઈ ભારત માવજીભાઈ ચૌહાણ, સંજયભાઈ સોની તથા ચિરાગને ગાળો આપી તેમજ ભારતભાઈને જાતિ અપમાનિત કરી ચિરાગભાઈ તેમજ સંજયભાઈ સોનીને માથામાં ઈજાઓ પહોંચાડતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

# મલવા થી કંડાચ રોડ ઉપરથી બોલેરોમાં લઈ જવાતો ૨.૬૦ લાખનો દારૂનો જથ્થો ઝડપતી પોલીસ

કાલોલ,

કાલોલ પોલીસ મથકને બાતમી મળી હતી કે બોલેરો ગાડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને આવી રહ્યો છે. આ જથ્થો મલાવ તરફ થી કંડાચ થઈને બેઢીયા ગામ આવી રહ્યો છે. તેવી બાતમીના આધારે અલવા ચોકડી પાસે નાકાબંધી કરી હતી. પોલીસની નાકાબંધી જોઈ ચાલક ગાડી છોડી નાશી છુટીયો હતો. પોલીસ ગાડીમાં ચેકીંગ કરતા ૨,૬૦,૬૪૦/-રૂપીયાના દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ પોલીસ મથકના પો.સ.ઈને બાતમી મળી હતી કે, રાત્રીના ત્રણ વાગ્યાના સમયે બોલેરો ગાડીમાં દારૂનો જથ્થો ભરીને મલાવ તરફ થી કડાચ થઈને બેઢીયાના યોગેશ નટુભાઈ ચૌહાણને ઘરે જવાની છે. તેવી ચોક્કસ બાતમીના આધારે પોલીસ અલવા ગામે ચોકડી પાસે નાકાબંધી કરી હતી અને બાતમીવાળી બોલેરો ગાડી નં.જીજે.૦૭.એએચ.૧૩૨૦ના ચાલકને પોલીસે રોકવાનો ઈશારો કરતાં બોલેરો ગાડીનો ચાલક વાહન લઈને ભાગવા જતાં ગાડી બંધ થઈ જવાથી ચાલક વાહન છોડી નાશી છુટીયો હતો. પોલીસે બોલેરો ગાડીનું ચેકીંગ કરતા પ્લાસ્ટીક કવાટરીયા પેટી નંગ-૫૨ અને બિયર ટીન પેટી નંગ-૪ મળી ૨,૬૦,૬૪૦/-રૂપીયા દારૂનો જથ્થો તેમજ બોલેરો ગાડી મળી ૬,૧૦,૬૪૦/- રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે યોગેશ નટુભાઈ ચૌહાણ અને ચાલક વિરૂદ્ધ પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# ઝાલોદના મહુડી ગામે જીલ્લા પંચાયત સીટ માટે મીટીંગ યોજાઈ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના મહુડી ગામે મનસુખભાઈ અને શંકરભાઈ ની આગેવાની હેઠળ જિલ્લા સીટ માટેની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાહોદ જિલ્લા ઉપપ્રમુખ દેવેન્દ્રભાઈ મેડા તથા તાલુકા જિલ્લા ના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં SC, ST, OBC તથા માઈનોરોટીના શોષિત વર્ગના બંધારણીય હક્ક-અધિકારો વિશે જાગૃત કર્યા અને અન્યાય માટે લડીને ન્યાય અપાવવા તથા આવનાર ચૂંટણીમાં સમાજને એક કરીને જીત મેળવીને સતામાં આવીને અનુસૂચિ-૫ ની અમલવારી, કેવડીયાનુ પાણી દાહોદમાં લાવવા માટે વાત કરી હતી.

# દાહોદ પાલિકાની ટર્મ પુરી થતાં ૧/૧૨ થી પાલિકામાં વહીવટદાર મુકાશે

દાહોદ,

રાજયની સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ અંતર્ગત ૬ મહાનગરપાલિકા, ૫૫ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતની આ વર્ષે નવેમ્બરમાં યોજાનાર સામાન્ય ચુંટણીઓ કોરોનાના વ્યાપને લીધે હવે ત્રણ મહિના પાછી ઠેલાતા દાહોદ નગરપાલિકામાં આ સંદર્ભે અનેકવિધ ચર્ચાઓએ જન્મ લીધો છે. જાહેરાત અનુસાર હવે ત્રણ માસ બાદ કોરોનાની મહામારીની સમીક્ષા બાદ નવી તારીઓની જાહેરાત કરવામાં આવનાર હોઈ આગામી માસે નવેમ્બરમાં થનારી ચુંટણીમાં ઝંપલાવવા ઈચ્છુક ઉમેદવારોના મોઢા પડી જવા પામ્યા હતા. તા.૩૦/૧૧ ના રોજ વર્તમાન કાઉન્સિલરોની ટર્મ પુરી થનાર છે ત્યારે તા.૧/૧૨થી દાહોદ પાલિકામાં વહીવટદાર મુકાશે.

# ફતેપુરાના બલૈયા ક્રોસિંગથી ભોજેલા નાની ભુગેડી જવાનો રસ્તો બિસ્માર થતાં વાહનચાલકો પરેશાન

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં કેટલાંક જાહેર ડામરના રસ્તાઓની વર્ષો સુધી મરામત કામગીરી નહિ કરાતા ઉબડ-ખાબડ થઈ ચુક્યા છે. તેમ છતાં આ રસ્તાઓ પ્રત્યે વહીવટીતંત્ર દ્વારા દયાન નહિ અપાતા વાહનચાલકો પારાવાર મુશ્કેલીઓનો સામનો પણ કરી રહ્યા છે. ત્યારે બલૈયા ક્રોસિંગથી સંજેલી જતા ૧૮ કિલો મીટર જેટલા રસ્તાની હાલત દયનીય જોવા મળે છે. જેના લીધે આ રસ્તા ઉપરથી અવર જવર કરતા વાહનચાલકો પરેશાન થઈ ગયા છે.

ફતેપુરા તાલુકાના બલૈયા ક્રોસિંગથી ભોજેલા, નાનીભુગેડી થઈ સંજેલી જતા માર્ગ ઉપર ઠેકઠેકાણે ખાડા પડી જવા પામેલ છે. જેના લીધે ટુ-વ્હિલર વાહન ચાલકોના કબ્જાના વાહનો સ્લિપ થવાના બનાવો પણ લાંબા સમયથી બની રહ્યા છે. જ્યારે ફોર વ્હિલર વાહનોને પણ અવર જવર કરવા માટે મુશ્કેલીઓ પડી રહી છે. તેમજ વાહનોમાં મુસાફરી કરતા મુસાફરો પણ શારીરિક સમસ્યાઓનો શિકાર બની રહ્યા છે. જેથી તેની વહેલીતકે રિપેરીંગ કામગીરી કરવામાં આવે તેવી માંગ છે.

# પંચમહાલ જીલ્લામાં આજે ૧૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૫૯૨ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૯ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૪, હાલોલ-૦૪, કાલોલ-૧૦, શહેરા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા

**- ૧૪ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૧૮૨.**
**- મૃત્યુ આંક ૧૧૬**

નવા ૧૯ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૫૯૨ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૯ વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 47

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ઝાલોદ પાલિકાના કાઉન્સીલર

# હિરેન પટેલ હત્યા કરાયાનો ખુલાસો થતાં રાજકીય ક્ષેત્રે હડકંપ

- ઝાલોદના અજય હિંમત કલાલે હત્યાની સોપારી આપી હતી.
- ૨૦૦૨ ગોધરા હત્યાકાંડના આરોપી ઈરફાન પાડાને ૪ લાખમાં સોપારી આપી.
- હત્યાના ગુનામાં એમ.પી.ના-૨, ઝાલોદ-૨ અને ગોધરાના-૧ મળી ચાર ઈસમોને ઝડપી પાડયા.

ગોધરા/દાહોદ/ઝાલોદ, તારીખ ૨૭મી સપ્ટેમ્બરના રોજ દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં રહેતા અને ઝાલોદ નગર પાલિકાના કાઉન્સીલર હિરેનભાઈ પટેલના શંકાસ્પદ માર્ગ અકસ્માતના મોતના બનાવ બાદ રાજકીય આલમ સહિત દાહોદ જિલ્લામાં ચકચાર મચી જવા પામી હતી. આ બનાવમાં મર્ડર થયું હોવાના ખુલાસાઓ સાથે જ દાહોદ જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ મર્ડરના ગુન્હામાં સંડોવાયેલ મધ્યપ્રદેશના બે, ઝાલોદનો એક અને ગોધરાનો એક ઈસમ મળી કુલ ચાર જણાને પોલીસે દબોચી લઈ પુછપરછનો ધમધમાટ આરંભ કરતાં રાજકીય અથવા તો અંગત અદાવતે સોપારી લઈ હિરેન પટેલને મોતને ઘાટ ઉતાર્યાનું સામે આવતા દાહોદ જિલ્લાવાસીઓ સહિત રાજકીય આલમમાં સ્તબ્ધતા સહિત ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ મર્ડર કરવા ઝાલોદના અજય હિંમત કલાલે ૨૦૦૨ના ગોધરા કાંડનો આરોપી ઈરફાન સીરાજ પાડાને રૂા.૪ લાખ આપી સોપારી આપી હતી અને આ ઈરફાને મધ્યપ્રદેશના બે ઈસમોની મદદ લઈ આ મર્ડરને અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે. દાહોદ જિલ્લા પોલીસે ચારેય આરોપી પાસેથી બે ફોર વ્હીલર ગાડી તેમજ મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. જ્યારે અકસ્માત સર્જનાર બોલેરો પીકઅપ ડાલા ગાડીની તપાસમાં પોલીસ જોતરાયેલ છે. ઝાલોદ નગરના નગરજનો દ્વારા આ માર્ગ અકસ્માત નહીં પરંતુ પુર્વ આયોજીત કાવતરૂ રચી હિરેન પટેલને રાજકીય અને અંગત અદાવતે મોતને ઘાટ ઉતાર્યા આક્ષેપો સાથે પોલીસમાં જાહેરાત આપી હતી. પરંતુ પરિવારજનો તેમજ ગ્રામજનો દ્વારા આ માર્ગ અકસ્માત નહીં પરંતુ મર્ડર હોવાની બુમો ઉઠતા અને જસ્ટીસ ફોર હિરેન પટેલ નામે એક કેમ્પેઈન શરૂ કરતાં મામલાની ગંભીરતા પોલીસે લીધી હતી.આ સમગ્ર મામલો ઉચ્ચસ્તરીય તપાસ માંગી લેતા ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી બનાવથી છેલ્લા કેટલાક દિવસોથી નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ.ભરાડા, પંચમહાલ,ગોધરા રેન્જ તથા પોલીસ અધિક્ષક હિતેષ જોયસર, ઝાલોદ નગરમાં જ્યાં હિરેન પટેલનો માર્ગ અકસ્માત સર્જાયો હતો ત્યા વીસીટ કરી હતી અને સાચું કારણે બહાર લાવવા તેમજ સઘળા પુરવા એકત્રીત કરવા દાહોદ એ.એસ.પી.સૈફાલી બરવાલ,ડી.વાય.એસ.પી. બી.વી.જાધવ, એલ.સી.બી.પોલીસ, સાઈબર ક્રાઈમ પોલીસ, એસ.ઓ.જી.પોલીસ વિગેરે ટીમોની અલગ અલગ રચના કરી હતી. ઝાલોદ નગરના દરેક જગ્યાના સીસીટીવી કેમેરાના ફુટેજોના માધ્યમથી સતત કાર્યરત કરી મોનીટરીંગ દરમ્યાન ઝાલોદ, દાહોદ રોડ ઉપર બનાવ સ્થળ નજીક આવેલ પેટ્રોલ પમ્પ ઉપરના સીસીટીવી ફુટેજની ઝીણવટ ભરી તપાસ તેમજ અભ્યાસ કરતાં જોવા મળેલ કે, બનાવ પહેલા એક સફેદ કલરની બોલેરો જીપ ગાડીની હીલચાલ શંકાસ્પદ જણાઈ હતી અને સીસીટીવી ફુટેજમાં ત્રણ વખત અવર જવર થયાની હાજરી પ્રસ્થાપીત થઈ હતી. બીજા સીસીટીવી ફુટેજને ચેક કરતાં મૃતક હિરેન પટેલ મોર્નીંગ વોકમાં ચાલતા જતા જણાઈ આવ્યા હતા અને તેઓની પાછળ ૫૦ મીટર દુર એક ઈસમ પણ ચાલતો મોર્નિંગ વોકમાં જણાઈ આવ્યો હતો જે ઈસમને શોધી કાઢી તેની પુછપરછ કરતાં મૃતક હિરેનભાઈને સફેદ કલરની બોલેરો પીકઅપ ડાલા ગાડીએ ટક્કર મારી નાસી ગયો હોવાનું જણાવ્યું હતુ.

આ બાદ પોલીસે આ વિસ્તારના રૂટ તરફના સીસીટીવી કેમેરાનની તપાસ કરી પોલીસે જુદી જુદી ટીમો બનાવી મધ્યપ્રદેશ, રાજસ્થાનના વિગેરે શહેરમાં અકસ્માતમાં ઉપયોગ થયેલ શંકાસ્પદ વાહનો તેમજ ઈસમોની તપાસ હાથ ધરી છે. આ સમગ્ર ઘટનામાં મે.ડી.જી.પી.સા.ગુજરાજ રાજ્ય, ગાંધીગનર દ્વારા અંગત રસ લઈ સતત સુચના અને માર્ગદર્શન પુરૂ પાડતા આ ગંભીર ગુનાને સોધી કાઢવા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટમોને પણ દાહોદ પોલીસ સાથે મદદમાં મોકલી આપી હતી. આ તમામ ટીમો દ્વારા શંકાસ્પદ સફેદ કલરની બોલેરો ગાડીની તેમજ મહિન્દ્રા પીઅકપ ડાલા ગાડીની માહિતી મેળવવા દાહોદ લીમડી વરોડ ટોલટેક્ષ ઉપર બનાવના દિવસે તપાસ કરતાં શંકાસ્પદ બોલેરો ગાડી દાહોદ તરફ પસાર થઈ હતી અને ટોલટેક્ષ ઉપરથી સીસીટીવી ફુટેજોમાં જણાઈ આવ્યું હતુ. રૈ.૦૯ ઝદ્ધ.૪૯૮૧ નો પ્રસ્થાપિત થયેલ આ શંકાસ્પદ બોલેરો ગાડી ના માલીક સુધી પહોચવા તાત્કાલીક એલ.સી.બી.,પેરોલ ફર્લોની ટીમોએ મધ્યપ્રદેશ ઉજ્જૈન જીલ્લાના મહેદપુર ગામે થી વાહન માલીકને શોધી કાઢેલ જેઓની પૂછપરછમા પોતાની બોલેરો ગાડી બનાવના દિવસ પહેલા અમદાવાદ ખાતે દવાખાનાની વર્ધીમા ડ્રાઈવર મહોમદસમીર મહોમદસહેજાદ મુજાવર રહે.મહેદપુર કેસરપુર (એમ.પી.)નાઓ લઈ ગયેલ તેવી હકિકત જણાવતા ડ્રાઈવરને ઝડપી પાડી તેની પુછપરછમા સમગ્ર બનાવનો પર્દાફાશ થયેલ અને એલ.સી.બી.ની ટીમો દવારા એમ.પી.ખાતેથી આ બનાવમા અંજામ આપનાર આરોપીઓને વાહનો સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. આ અકસ્માત મોતની તપાસમા આરોપીઓએ કાવતરૂ રચી સોપારી લઈ મૃતક હિરેનભાઈ પટેલને બોલેરો પીકઅપ ગાડીથી ટક્કર મારી મોત નિપજાવી મર્ડર કરેલાનું જાહેર થતાં આ બાબતે નાયબ પોલીસ અધિક્ષકઝાલોદ વિભાગ ઝાલોદ નાઓએ સરકાર તરફે આરોપીઓ વિરૂધ્ધ ઝાલોદ પો.સ્ટે. ઈ.પી.કો કલમ.૩૦૨,૧૨૦બી મુજબ ગુનો રજીસ્ટર કરાવેલ છે. પોલીસે (૧) મહોમદસમીર મહોમદસહેજાદ મુજાવર રહે.મહેદપુર કેસરપુર (એમ.પી.) (૨) સજ્જનસીંગ ઉર્ફે કરણ વિક્રમસિંહ ચૌહાણ રહે. શેખાખેડી તા.મહેદપુર (એમ.પી.) (૩) ઈરફાનભાઈ સીરાજભાઈ પાડા રહે.ગોધરા (૪) અજય હિંમત કલાલ રહે.ઝાલોદની ધરપકડ કરી તેઓની પાસેથી ગુનામા રેકી કરવામા ઉપયોગમા લીધેલ વાહન (૧) બોલેરો ગાડી નં.એમ.પી.૦૯ સી.કે. ૪૯૮૧ (૨) ફોર્ડ ફીગો ગાડી નં-જી.જે. ૦૬ એફ.કે. ૪૫૬૮ અને (૩) મોબાઈલ ફોનો નંગ-૬ પણ કબજે લીધા છે. આ ગુનાનો મખ્ય સુત્રધાર ઈરફાન સીરાજ પાડા રહે.ગોધરાનાઓએ મૃતક હિરેન પટેલનાઓનું મર્ડર કરવા માટે અજય હિંમત કલાલ રહે.ઝાલોદ પાસેથી સોપારી લીધેલ અને ઈરફાન પાડાએ તેના એમ.પી.,ઉજજૈન જીલ્લાના મહેદપુર ગામના સાગરીતોનો સંપર્ક કરી કાવતરૂ રચી તેઓને રૂ.૪ લાખ આપવાના નક્કી કરી બનાવના દિવસે વહેલી સવારના એમ.પી. ખાતેથી આવી મૃતક ના ઘરની તેમજ મોર્નીંગ વોક ઉપર નિકળતા રોડની બોલેરો ગાડીમા બેસી રેકી કરાવી મૃતકના ફોટાને મોબાઈલમા બતાવી ઓળખ કરાવેલી અને આ ગુનામા બોલેરો ગાડીથી સતત રોડ ઉપર મૃતકની વોચ હતી અને હિરેનભાઈ પટેલ રોડ ઉપર મોનિંગ વોકમાં નિકળેલ દરમ્યાન ઈરફાન પાડાએ તેઓને દૂરથી બતાવી ઓળખ કરાવેલી ત્યારબાદ બોલેરો ગાડીની પાછળ ઉભી રાખેલ બોલેરો પીકઅપ ગાડીમા બેસી જઈ તેના સાગરીત મારફતે બોલેરો પીકઅપ ગાડીથી મૃતક ને પાછળથી ટક્કર મારી માથામા ગંભીર ઈજાઓ પહોચાડી આગળ જઈ પીકઅપ ગાડીમાંથી ઉતરી જઈ બોલેરો ગાડીમા બેસી દાહોદ જઈ તેના સાગરીતોને બોલેરો ગાડી લઈ એમ.પી.તરફ નાસી છૂટવા આરોપીઓએ જણાવ્યું હતુ અને પોતે દાહોદ ખાતે રેલ્વે સ્ટેશનના પાર્કીંગમા મુકી રાખેલ ફોડ ફીગો ગાડીમા બેસી નાસી છૂટેલાનું પણ આરોપીએ કબુલાત કરી હતી. (૧) આ ગુનાનો મુખ્ય આરોપી કાવતરૂ રચનાર ઈરફાન સીરાજ પાડા રહે.ગોધરાનાની વિરૂધ્ધમા કુલ-૧૭ ગુન્હાઓ નોધાયેલ છે તેમજ ગોધરા રેલ્વે હત્યાકાંડ ૨૦૦૨ મા આ આરોપીને આજીવન કેદની સજા ફટકારવામા આવેલી છે અને છેલ્લા એક વર્ષથી પેરોલ જમ્પ કરી ફરાર છે (૨) આરોપી સજ્જનસીંગ ઉર્ફે કરણ વિક્રમસિંહ ચૌહાણ રહે.શેખાખેડી તા.મહેદપુર (એમ.પી.) નાની વિરૂધ્ધમમા ગુજરાત અને મધ્યપ્રદેશમા ગેરકાયદેસર હથીયારના તેમજ મર્ડર તેમજ લૂંટના કુલ- ૦૫ ગુન્હાઓ નોધાયેલ છે.

આ આરોપી જેલ સમય દરમ્યાન તેની સાથેના આરોપી ઈરફાન પાડા સાથે સંપર્કમા આવેલ અને જેલમાંથી છૂટી ગયા બાદ પણ ઈરફાન પાડા સાથે સંપર્કમા રહી આ કાવતરૂ કર્યું હતુ. (૩) અજય હિંમત કલાલ રહે.ઝાલોદનાનો પાસાના ગુનામા જેલમા હતો તે દરમ્યાન ઈરફાન પાડા સાથે સંપર્કમા આવેલ અને જામીન ઉપર મુકત થયા બાદ ફોનથી સંપર્કમા રહેલ અને દાહોદ અને ઝાલોદ ખાતે ઈરફાન પાડા સાથે મુલાકાત કરી કાવતરૂ રચી, સોપારી આપી હતી અને તેની વિરૂધ્ધમા પ્રોહી બિશનના કુલ ૦૫ થી વધુ ગુન્હા નોધાયેલ છે. વધુમા અજય કલાલની સાથે કોણ કોણ સંડોવાયેલ છે તથા તેની સાથે આ કૃત્ય કરવા કોણ સામેલ હતો તેની ધનિષ્ઠ અને તટસ્થ તપાસ ચાલુ છે. આ અતિગંભીર મામલામાં અનેક ચહેરાઓ સંડોવાયેલ હોવાની પણ ભારે ચર્ચાઓએ જોર પકડ્યું છે ત્યારે પોલીસે આ તરફ પણ તપાસનો ધમધમાટ આરંભી ચુકી છે અને ભવિષ્યમાં આ ઘટનામાં સંડોવાયેલ વધુ ચહેરાઓ બહાર આવવાની પુરે પુરી શક્યાતાઓ વર્તાઈ રહી છે.

અજય હિંમત કલાલ રહે.ઝાલોદનાનો પાસાના ગુનામા જેલમા હતો તે દરમ્યાન ઈરફાન પાડા સાથે સંપર્કમા આવેલ અને જામીન ઉપર મુકત થયા બાદ ફોનથી સંપર્કમા રહેલ અને દાહોદ અને ઝાલોદ ખાતે ઈરફાન પાડા સાથે મુલાકાત કરી કાવતરૂ રચી, સોપારી આપી હતી અને તેની વિરૂદ્ધમા પ્રોહી બિશનના કુલ ૦૫ થી વધુ ગુન્હા નોધાયેલ છે. વધુમા અજય કલાલની સાથે કોણ કોણ સંડોવાયેલ છે તથા તેની સાથે આ કૃત્ય કરવા કોણ સામેલ હતો તેની ધનિષ્ઠ અને તટસ્થ તપાસ ચાલુ છે.



### હત્યાના ગુનામાં ઝડપાયેલ આરોપીઓ

(૧) મહોમદસમીર મહોમદસહેજાદ મુજાવર રહે.મહેદપુર કેસરપુર (એમ.પી.) (૨) સજ્જનસીંગ ઉર્ફે કરણ વિક્રમસિંહ ચૌહાણ રહે. શેખાખેડી તા.મહેદપુર (એમ.પી.) (૩) ઈરફાનભાઈ સીરાજભાઈ પાડા રહે.ગોધરા (૪) અજય હિંમત કલાલ રહે.ઝાલોદ

૨૦૦૨ હત્યાકાંડનો આજીવન કેદની સજા કાપતો આરોપી ઈરફાન પાડા જે છેલ્લા એક વર્ષથી પેરોલ જમ્પ કરીને નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય તેમ છતાં પંચમહાલ પોલીસ દ્વારા પેરોલ જમ્પ આરોપીને ઝડપી પાડવામાં નિષ્ફળ રહી હતી. વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવામાં પોલીસનું પેરોલ સ્કોડ, એલ.સી.બી. પોલીસ, એસ.ઓ.જી. પોલીસ સહિતની ટીમો દ્વારા ઝડપી પાડવાની કામગીરી કરવામાં આવતી હોય છે. તેમ છતાં ૧ વર્ષથી પેરોલ જમ્પ વોન્ટેડને ઝડપી નહી પાડતા પેરોલ વોન્ટેડ આરોપીએ સોપારી લઈને એક નગર સેવકની હત્યાને અંજામ આપવામાં સફળ રહ્યા છે. તેમાં પોલીસની કામગીરી સામે પણ અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે.

ઝાલોદ ખાતેનો આ બનાવ ન હીટ એન્ડ રન, ન અકસ્માત હોવાની મીસ્ટ્રી બહાર આવી નથી પરંતુ સમગ્ર બનાવ પુર્વ આયોજીત કાવતરાનું અને આ પંથકમાં પ્રથમવાર ફિલ્મી ગેંગસ્ટર જેમ પુર્વ યોજીત હત્યા હોવાનું બહાર આવ્યું છે ત્યારે આખે આખી એક ફિલ્મી નિર્માણ થઈ શકે તેવી આ ઘટનામાં અધધ થઈ જાય તેટલી રકમની સોપારી અપાઈ હોવાનું જાણમાં આવ્યું છે. અડધા કરોડ કરતાં પણ વધુ રકમની સોપારીની રકમમાં પ્રથમ હપ્તે ચુકવાયેલ રકમમાં ઝાલોદના અજય કલાલે ગોધરા કાંડના સજા ભોગવી રહેલા પણ હાલ પેરોલ ફ્લોની જમ્પ કરી છેલ્લા એક વર્ષથી નાસતા ફરતાં અને જેની એ.ટી.એસ.થી માંડી સમગ્ર ગુજરાત પોલીસ જેને સોંધી રહી હતી. તેવા ખુંખાર અને માસ્ટર માઈન્ડ ઈરફાન પાડાને ચાર લાખ રૂપીયા આપ્યા હતા તેમાંથી આ ઈરફાન પાડાએ ફોર્ડ ફિગો ખરીદી હતી અને તેને દાહોદ રેલ્વે સ્ટેશનના પાર્કિંગમાં મુકી તેના સાગરીતો સાથે બોલેરોમાં ઝાલોદ ખાતે ગયો હતો. હત્યાને અંજામ આપી આ ઈરફાન પરત દાહોદ આવી તેની ફોર્ડ ફીગો ફરાર થઈ ગયો હતો.

ઝાલોદનો ચકચાર બનાવ અકસ્માત નહીં પરંતુ પુર્વ આયોજીત હત્યા હોવાનું બહાર આવતાં જ સમગ્ર પંથકમાં અને ખાસ કરીને રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. હાલ પોલીસે બનાવ સંદર્ભે આરોપીઓને સમગ્ર ઘટનામાં વપરાયેલ મોટર કારોને કબજે લીધી છે ત્યારે આ બનાવમાં રાજકીય પ્રેરણા કોણી? તેની ગુથ્થી ઉકેલવામાં પોલીસ લાગી છે. પ્રારંભીક તપાસમાં આ હત્યા રાજકીય હોવાનું કહેવાય રહ્યું છે ત્યારે ઝાલોદ પંથકમાં ચૌરેને ચૌટે ખુલ્લેઆમ હત્યા કોણા ઈશારે કરાઈ છે? તેનો છુપો ગણગણાટ વહેતો થવા પામ્યો છે. સમગ્ર હત્યા પાછળ સ્થાનીક સ્વરાજની સંસ્થામાં સત્તા મેળવવાની દોડ કેન્દ્ર સ્થાને હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો કે, આધારભુત અંતર્ગત દ્વારા મળતી માહિતી અંતર્ગત આ હત્યામાં સંડોવાયેલ હોવાના મનાતા કેટલાક મોટા માથાઓ હાલ ભુગર્ભમાં ચાલ્યા ગયા હોવાનું પણ કહેવાઈ રહ્યું છે. સમગ્ર હત્યાનું કનેક્શન ગોધરા કાંડ સુધી પહોંચતા પોલીસ માટે આમાં હજુ પણ ઝીણવટ ભરી તપાસ કરવી આવશ્યક બની છે. હાલ ભલે અકસ્માત નહીં પણ હત્યા હોવાનું બહાર આવવા પામ્યું છે પણ વહેલામાં વહેલી તકે કોણા માટે? કોણા ઈશારે? સોપારી અપાઈ હતી. તેનો ભેદ ઉકેલવામાં આવે તેવી પ્રજાની લાગણી અને માંગણી છે.

### કાલોલ તાલુકામાં મનરેગા યોજના હેઠળ

# ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતની મિલીભગતથી વિકાસના કામોથી અધિકારીઓ અને પદાધિકારીઓનો વિકાસ થયો ?

- ગ્રામ્ય વિસ્તારોમાં મનરેગા યોજનામાં ભ્રષ્ટાચારની તપાસ માટે કેમ તાલુકા પંચાયત નિષ્ક્રિય છે ?
- વિકાસના કામોમાં આચરાયેલા લાખોના કૌભાંડની તપાસ માટે દિવસોથી રજૂઆત કરાયેલી છે.
- સ્થળ ઉપર કામ ન થવું, તકલાદી કામ, બોગસ શ્રમિક અને કોન્ટ્રાકટરોને બિલો મંજૂર જેવા આક્ષેપો.
- તાલુકા પંચાયતના જવાબદાર સ્ટાફના પગમાં રેલો આવતો હોઈ તપાસ ટાળી રહ્યા છે.
- હવે ડીડીઓ દ્વારા જીલ્લા સ્તરે તપાસ ટીમ રચાય તેવી માંગ.

ગોધરા, છેલ્લા કેટલાક સમયથી કાલોલ તાલુકાની વિવિધ ગ્રામ્ય પંચાયતોત દ્વારા મનરેગા યોજના હેઠળ સ્થળ ઉપર કામ નથી કર્યા, તકલાદી કામગીરી, અધૂરી કામગીરી, બોગસ જોબકાર્ડ, મળતીયાઓના નામ, કોન્ટ્રાકટરોને લાખોના બિલ ચુકવવા જેવા મુદ્દાઓને લઈને ગેરરીતિ આચરાયેલી હોઈ તેમ છતાં પોતાના પગ નીચે રેલો આવવાના ડરથી અગાઉ અનેક રજુઆતો બાદ પણ તાલુકા પંચાયત કચેરી દ્વારા તપાસ હાથ ધરાતી નથી.

કેન્દ્ર સરકાર સંચાલિત મનરેગા યોજના એક દાયકાઓથી ચલાવવામાં આવીને દેશભરમાં અબજો કરોડો રૂપીયાની ગ્રાન્ટ ગ્રામ્ય વિકાસમાં ફાળવવામાં આવે છે. જેના ભાગરૂપે કાલોલ તાલુકાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ચોમાસા ખેતી બાદ વર્ષના બાકી દિવસોમાં હજારો પરિવારો બેકારી હાલતમાં જીવન પસાર કરે છે. તેઓને રોજગારી માટે અન્યત્ર સ્થળાંતરિત ન થવું પડે અને ઘર આંગણે રોજગારી મળી રહે તે હેતુથી નાણાંકીય વર્ષની શરૂઆતે એપ્રિલ માસમાં જ તાલુકા પંચાયત દ્વારા કાલોલના વિવિધ ગ્રામ પંચાયતો પાસે નરેગા યોજનામાં સમાવિષ્ટ રસ્તા, કેટલ શેડ, નાળા, ચેકડેમ સહિતના કામોના પૂર્વ આયોજનની યાદી મંગાવવામાં આવે છે અને જેમ જેમ કામોની માંગણી મુજબ હાથ ધર્યા મુજબ નોંધાયેલ શ્રમિકોના બેંક ખાતામાં સીધા નાણાંની ફાળવણી કરી દેવાની દેખીતી રીતે પારદર્શક કાર્યવાહી જણાય છે. કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આ યોજના હેઠળ કાગળ ઉપર સહી સલામત હોય પરંતુ સ્થળ ઉપર કંઈક અલગ જ સ્થિતિ હોય છે. ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી અને તાલુકા પંચાયતના જવાબદાર વહીવટી અને તાંત્રિક સ્ટાફની મિલીભગતથી છેલ્લા કેટલાક સમયથી કાલોલ તાલુકામાં મનરેગા યોજનામાં ભ્રષ્ટાચારની ગંગોત્રી રેલાઈ રહી છે. કાલોલ તાલુકામાં ગ્રામ્ય અને તાલુકાના અધિકારીઓ અને પદાધિકારીઓની મિલીભગતથી વિકાસના કામોમાં ખાયકી આચરવામાં આવે છે. જેમાં રસ્તાના કામો, નાળા, ચેકડેમ, કેટલ શેડ સહિતના પાયાની સુવિધાઓ નિર્માણ કરવા તો બજેટમાં કોઈ મર્યાદા ન હોઈ અને કામો પણ અનંતપણે મંજૂરી આપવાની સત્તા દિલ્હી કે ગાંધીનગર કે ગોધરા વડી કચેરીને નહીં પણ તાલુકા પંચાયતને સત્તા આપેલી હોવાથી અઢળક કામોની વણઝાર જામેલી હોય છે. સાથે સાથે લાખો રૂપીયાના કામો મંજુર થવાની સાથે બિલો પણ મંજુર પાત્ર થયેલા છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોના ગ્રામ પંચાયતે હાથ ધરાયેલા આ યોજના હેઠળ આવતા કામોની સ્થળ મુલાકાત લેવાય તો સાચી હકીકત ભ્રષ્ટાચારના પર્દાફાશની ભીંતિ સેવાઈ રહી છે. સ્થળ ઉપર કામ જ નથી કર્યું, કર્યું છે તો તકલાદી કામ, સરકારના નિયમ પ્રમાણે સામગ્રી વપરાઈ નથી, અધૂરી કામગીરી, સ્થાનિક ફળીયાના શ્રમિકો હોવા છતા અન્ય શ્રમિકો કે જે હોદ્દેદારોના સગાસંબંધીઓ અથવા તો હાલ ગામમાં રહેતા ન હોય અને તેઓ મજૂરી અર્થે શહેરમાં રહેતા હોય અથવા તો શ્રમિકની વ્યાખ્યામાં ન આવતા સાધન સંપન્ન વ્યકિતઓને શ્રમિકો તરીકે ઓનલાઈન કામ આપીને પગાર ચુકવાયા છે. કામગીરીની સરખામણીમાં વધુ નાણાં કોન્ટ્રાકટરોન ચુકવાયા તો બોગસ બિલ મંજૂર કર્યા હોવાના આક્ષેપો સાથે તાલુકા પંચાયતમાં રજુઆતો કરવા છતાં કોઈપણ તપાસ હાથ ધરાતી નથી, કેમ તપાસ હાથ ધરાતી નથી. જેમાં તાલુકા પંચાયતોના સ્ટાફ પણ કહેવાતા ભ્રષ્ટાચારમાં સામેલ હોવાથી તપાસ માટે પેટનું પાણી હાલતું ન હોવાની પ્રજામાં ચર્ચાઓ ઊઠી છે. આ બાબતે ડીડીઓ એ તટસ્થ તપાસ હાથ ધરવી માંગ ઊઠી છે.

### ગુજરાત સરકાર દ્વારા તા.૮-૧૦-૨૦ના રોજ જાહેર કરેલ નોટીફિકેશન દ્વારા

# મહિસાગર જીલ્લાના કામદારોના વિવાદો પ્રશ્નોના નિકાલ માટે મદદનીશ શ્રમ આયુકત ગોધરા.જી.પંચમહાલને સોંપાતા કામદારોમાં રાહતની લાગણી

ગોધરા, ગુજરાત સરકાર દ્વારા સને-૨૦૧૭માં જીલ્લાઓનું વિભાજન થતાં મહિસાગર જીલ્લાના કામદારોના વિવાદી પ્રશ્નો પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે આવેલ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ચલાવવામાં આવતા હતા. તે કામગીરી કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય ગુજરાત સરકાર દ્વારા તા.૧-૫-૧૭ના નોટીફિકેશનથી વડોદરા જીલ્લા મદદનીશ શ્રમ આયુકતને સુપ્રત કરેલ. જેને લઈ કામદારોમાં રોષની લાગણી પ્રર્વતેલ. કારણ કે મહિસાગર જીલ્લામાંથી વડોદરા જીલ્લામાં જવા માટે કામદારોને આર્થિક રીતે ઘણું મોટું નુકશાન સહન કરવું પડતું હતું અને તેમનો મોટાભાગનો સમય વડોદરા જવામાં કાઢવો પડતો હતો. જે બાબતે પંચમહાલ જીલ્લા લેબર લૉઝ પ્રેકટીશનર્સ એસોસીએશનના પ્રમુખ અંબાલાલ એસ.ભોઈ સમક્ષ મહિસાગર જીલ્લાના તમામ કામદારોએ સખત વિરોધ દર્શાવી વડોદરા ખાતે સોંપવામાં આવેલ ચાર્જ ફરી ગોધરા ખાતેની કચેરીમાં લાવવા બાબતે ઘટતી કાર્યવાહી કરવા જણાવેલ. જે અંગે પ્રમુખ એ.એસ.ભોઈએ સને-૨૦૧૭ થી સરકારશ્રીના તા.૧-૫-૨૦૧૭ના રોજ જાહેર કરેલ નોટીફિકેશનને રદ કરાવવા લાગતા વળગતા અધિકારીઓ અને શ્રમ વિભાગને વારંવાર રજુઆતો કરેલ. જે રજુઆતો બાબતે તા.૧-૫-૨૦૧૭ના રોજના નોટીફિકેશન ટાઈપ મીસ્ટેકથી ગોધરાની જગ્યાએ વડોદરા જીલ્લો લખાઈ ગયેલ છે. જે સુધારવા પણ સરકારશ્રીમાં ત્રણ વર્ષ જેટલો સમય કાઢવો પડયો છે.

સદર બાબતે પંચમહાલ જીલ્લા લેબર લૉઝ પ્રેકટીશનર્સ એસોસીએશન દ્વારા આ નોટીફિકેશનમાં સુધારો કરવા અંગે કોઈ નિર્ણય ન લેતા તા.૬-૭-૨૦ના રોજ સ્ટ્રાઈક નોટીસ આપી ગાંધીનગર મુકામે રેલીરૂપે જઈ તા.૧-૫-૨૦૧૭ના નોટીફિકેશનનો વિરોધ દર્શાવવાનું જાહેર કરેલ. જે બાબતે સરકારશ્રી તરફથી ખૂબ જ ટુંક સમયમાં સુધારો કરવાની ખાતરી આપેલ. જે ખાતરી મુજબ તા.૮-૧૦-૨૦ના રોજ ગુજરાત સરકાર દ્વારા નોટીફિકેશન જાહેર કરી જે ચાર્જ વડોદરા ખાતે સુપ્રત કરવામાં આવેલ, તે પરત પંચમહાલ જીલ્લાની ગોધરા ખાતે આવેદ મદદનીશ શ્રમ આયુકતની કચેરીને સુપ્રત કરવામાં આવતા હવે પછી મહિસાગર જીલ્લાના ગરીબ અને આદિવાસી કામદારોને જે સમય અને નાણાકીય રીતે થતો ખોટો ખર્ચ અટકી જશે અને હવે પછી મહિસાગર જીલ્લાના તમામ કામદારોને લગતા વિવાદી પ્રશ્નો ગોધરા ખાતે કલેકટર કચેરી કંપાઉન્ડમાં આવેલ જીલ્લા સેવા સદન નં.૨માં રેગ્યુલર ચાલશે. જેના થકી કામદારોએ રાહતી લાગણી અનુભવી છે.